

# એકલવ્યનો અંગૂઠો







સ્વામી અડગડાનંદજી

॥ ॐ નમઃ સદ્‌ગુરુદેવાય ॥

# એકલવ્યનો અંગૂઠો

: લેખક :
**પરમ પૂજ્યશ્રી પરમહંસજી મહારાજના કૃપાપ્રસાદ**
**સ્વામીશ્રી અડગડાનંદજી**

: અનુવાદ :
**જશવંતી દવે**

**પ્રકાશકઃ**
**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ,**
**ન્યુ એપોલો અસ્ટેટ, ગાલા નં ૫, મોગરા લેન,(રેલવે સબવે ને પાસે),**
**અંધેરી (પૂર્વ), મુંબઈ ૪૦૦ ૦૬૯.**

# ધર્મ-સંદેશ

ભારતના વૈદિક-ઋષિ-મુનિઓએ મર્યાદાપુરુષોત્તમ શ્રીરામથી પણ હજારો વર્ષો પૂર્વે પોતાની કઠોર અને નિરંતર તપશ્ચર્યાના પ્રયાસના ફળસ્વરૂપે એક પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં અને સમસ્ત ભારતની વનસ્થળીઓમાં આશ્રમ સ્થાપી શિષ્ય-પરંપરામાં હૃદયંગમ કરાવી એને સાચવી રાખ્યાં. આ જ સત્યને આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં બહુ સારી રીતે દૃઢ કર્યું. એમણે કહ્યું, 'એક આત્મા જ સત્ય છે. અન્ય જે કંઈ પણ છે તે નશ્વર છે. અસ્તિત્વવિહીન છે.' આ સંદેશ એમણે માનવ માત્રને સંબોધીને કહ્યો. વિશ્વના ત્યાર પછીના મહાપુરુષોએ પણ આ સત્યને સાંગોપાંગ અપનાવી લીધું અને પોતાની તથા પ્રત્યેક ક્ષેત્રની ભાષાઓમાં એને પ્રસ્તુત કર્યું. અહુરમઝદા, ગૉડ, અલ્લાહ ઇત્યાદિ વિવિધ નામો એને આપ્યાં જે હકીકતમાં એક જ પરમાત્મા છે એવું જ્ઞાન કરાવ્યું. અને તેથી એ સર્વ ઈશ્વરના અનુયાયીઓ જ છે. એ એક પરમાત્માની પ્રાપ્તિનું કર્મ જ ધર્મ છે. ધર્મ એક છે. અને આથી ધર્મનિરપેક્ષતાનો ઝંડો ફરકાવનારા, લોકો છે કે ભ્રમિત માનવો છે, કારણ કે એકથી વધુ સંખ્યા હોય ત્યારે જ પક્ષ અને વિપક્ષ પેદા થાય છે. આ રહસ્યને સારી રીતે સમજવા તથા ઉચિત વ્યાખ્યા પ્રાપ્ત કરવા માટે જુઓ : 'યથાર્થ ગીતા' આ પુસ્તક ગીતાધર્મનો સમગ્રતયા બોધ આપે છે. આ માનવમાત્રનું શાસ્ત્ર છે.

ઈશ્વર શું છે ? ક્યાં રહે છે ? કેવી રીતે મળે છે ? એને માટે જુઓ : 'યથાર્થ ગીતા'.

નિવેદન : ભક્તમંડળ

**શ્રી પરમહંસ આશ્રમ**

શક્તેષગઢ, ચુનાર, મિર્ઝાપુર (ઉ.પ્ર.)

# ગુરુ-વંદના

**॥ ૐ શ્રી સદ્‌ગુરુદેવ ભગવાનની જય ॥**

જય સદ્‌ગુરુદેવં, પરમાનન્દં, અમર શરીરં અવિકારી ।
નિર્ગુણ નિર્મૂલં ધરિ સ્થૂલં, કાટન શૂલં ભવભારી ॥


સૂરત નિજ સોહં, કલિમત ખોહં, જનમન મોહન છવિભારી ।
અમરાપુર વાસી, સબ સુખરાશી, સદા એકરસ નિર્વિકારી ॥

અનુભવ ગમ્ભીરા, મતિ કે ધીરા, અલખ ફકીરા અવતારી ।
યોગી અદ્વૈષ્ટા, ત્રિકાલ દ્રષ્ટા, કેવલપદ આનન્દકારી ॥

ચિત્રકૂટહિ આયો, અદ્વૈત લખાયો, અનુસૂઈયા આસન મારી ।
શ્રી પરમહંસ સ્વામી, અન્તર્યામી, હૈં બડનામી સંસારી ॥

હંસન હિતકારી, જગ પગુધારી, ગર્વ પ્રહારી ઉપકારી ।
સત્-પંથ ચલાયો, ભરમ મિટાયો, રુપ લખાયો કરતારી ॥

યહ શિષ્ય હૈ તેરો, કરત નિહોરો, મોપર હેરો પ્રણધારી ।
જય સદ્‌ગુરુ.....ભારી ॥




શ્રી શ્રી ૧૦૦૮ શ્રી પરમહંસ સ્વામી પરમાનન્દજી મહારાજ (પરમહંસજી)
જન્મઃ શુભ સંવત વિક્રમ૧૯૬૯ (ઈ. સ. ૧૯૧૧)
મહાપ્રયાણ : જ્યેષ્ઠ શુક્લ ૭ સંવત ૨૦૨૬ તારીખ ૨૩-૦૫-૧૯૬૯



શ્રી સ્વામી અડગડાનન્દજી
(પરમહંસ મહારાજના કૃપા પ્રસાદ)

# ભૂમિકા

જે મહાપુરુષોએ પ્રાપ્તિ કરી લીધી છે તેમની વાણીનો મર્મ પારલૌકિક હોય છે. કોઈ ભલે ખૂબ જ જ્ઞાની હોય પરંતુ સાંસારિક ઉપલબ્ધિઓને લઈને એ જ્ઞાનને પામી શકતો નથી. એના ચિત્તના નિરોધની સાથે જે ઈશ્વરીય સંદેશ મળે છે તે એ લખી શકતો નથી. આ વાણીનો વિષય નથી. આ તો અનિર્વચનીય છે. એને જાણવાની વિધિ એક સંકેતમાત્ર છે, જે સાંભળવામાં અટપટું લાગે છે, વિરોધાભાસી પણ લાગે છે. ઉદાહરણ તરીકે, રામચરિત માનસમાં છે.

**उमा राम गुन गूढ़, पंडित मुनि पावहिं विरति ।**
**पावहिं मोह विमूढ़, जे हरि विमुख न धर्म रति ॥**

અર્થાત્ રામના ગુણ ગૂઢ છે. પંડિત એટલે કે જે આ રહસ્યના જ્ઞાતા છે, મુનિ - જેમની મનસહિત ઇંદ્રિયો મૌન થઈ ગઈ છે - એ તો વૈરાગ્યને પ્રાપ્ત થાય જ છે, પરમાત્માના સત્યને જાણી લે છે. સંસારના અસત્યને છોડી દે છે, પરંતુ જે વિશેષ મૂઢ છે, હરિના પદથી વિમુખ અને ધર્મમાં અનુરક્ત નથી - એવાં લોકો આ જ ચરિત્રથી મોહ એટલે કે અજ્ઞાનને પ્રાપ્ત કરે છે. લેખન એક પરંતુ પાત્રોની પાત્રતા બે પ્રકારની - એક પ્રકાશની તો બીજી અંધકારની. આવા લોકો આવો જ અર્થગ્રહણ કરે છે અને એટલે જ ગોસ્વામીજીએ કહ્યું છે, 'માનસ' સમજવાની ક્ષમતા કોનામાં છે :

**यह शुभ चरित जान पै सोई । कृपा राम की जापर होई ॥**

આ રહસ્ય એ જ લોકો સમજી શકે છે જેના પર રામની પ્રત્યક્ષ કૃપા હોય છે.

**यह चरित्र जानहिं मुनि ज्ञानी । जिन्ह रघुवीर चरन रति रति मानी ॥**

'માનસ' શું કહે છે એ તો માત્ર મુનિ અને જ્ઞાની જ સમજી શકે છે. જેનું મન એ અપૌરુષેય પરમતત્ત્વમાં અનુરક્ત છે, જેની એ પ્રભુમાં

પ્રીતિ છે એ જ એને સમજી શકે છે એટલે માત્ર વાતો કરવાથી રામાયણ સમજાતું નથી. કદાચ, ક્યારેક કોઈ પ્રશ્ન કોઈ ભક્તના અંતર્મનમાં ઉદ્‌ભવ પામે તો કોઈ તત્ત્વવેત્તા મહાપુરુષ સાથે એનું નિરાકરણ મેળવી લેવું જોઈએ. આ સંદર્ભમાં પ્રત્યેકનું સ્વાગત છે.

પૂજ્ય ગુરુદેવ ભગવાન કહેતા હતા, સારા અધિકારીનું આ એક લક્ષણ છે. એના હૃદયમાં પ્રશ્ન ઉદ્‌ભવ્યા કરે, પરંતુ પ્રશ્નો તો ત્યાં જ પૂછવા જોઈએ જ્યાં એનું સમાધાન થઈ શકે. જંગલમાં જાવ અને વિમાન-પ્રવાસ માટે પાસપૉર્ટ માગો તો એ ત્યાં નહિ મળે. ત્યાં તો એ જ ઘાસ અને પાન મળશે. એટલે પ્રશ્નોના સમાધાન માટે થોડો પ્રયાસ કરવો જોઈએ. અને એ છે શ્રદ્ધા અને સંતોની સંમતિ.

**जे श्रद्धा सम्बल रहित, नहि सन्तन कर साथ ।**
**तिन्ह कहँ मानस अगम अति, जिन्हहिं न प्रिय रघुनाथ ॥**

અને પછી એ સંત મહાપુરુષ જ હૃદયથી સમાધાન કરાવવા લાગશે અને તમને સંતોષ પણ થવા લાગશે.

**॥ ઓમ્ શ્રી સદ્‌ગુરુ ભગવાનની જય ॥**

*– સ્વામીશ્રી અડગડાનંદજી*

# એકલવ્યનો અંગૂઠો

- સ્વામીશ્રી અડગડાનંદજી

સ્વ. સાંસદ શ્રીમતી ફૂલનદેવી દ્વારા નવી દિલ્હીના એક કક્ષમાં 'એકલવ્ય સેના'ની રચનાના અવસર પર સોમવાર, તારીખ ૬ ફેબ્રુઆરી, ૧૯૯૫માં સાંસદજીની જિજ્ઞાસા સંતોષવા મહારાજશ્રી દ્વારા બે શબ્દ.

# શિક્ષા-ગુરુ
# અને
# સદ્ગુરુમાં અંતર

શિક્ષક લોક-જીવનની કળા શીખવે છે,

જ્યારે

સદ્ગુરુ જીવનમાં સમૃદ્ધિની સાથોસાથ

પરમશ્રેય માટેની જાગ્રતિ

અને

અનામય પદની પ્રાપ્તિ

કરાવે છે.

# એકલવ્યનો અંગૂઠો

હમણાં જ મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયે આશ્રમ દ્વારા પ્રકાશિત શ્રીમદ્ભગવદ્ગીતાની વ્યાખ્યા 'યથાર્થ ગીતા'ની ઑડિયો કૅસેટનો લોકાર્પણ વિધિ કર્યો. આ સંદર્ભમાં પત્રકાર-મિલન કાર્યક્રમ ચાલતો હતો તે દરમિયાન તમારા આયોજકોમાંથી કેટલાકે - જે અમારા આશ્રમના ભક્તોમાંના છે - અમારી સમક્ષ નિવેદન મૂક્યું. 'એકલવ્ય-સેના'ના આ ઉદ્ઘાટન સમારોહ સમયે, ભગવન્, આપ પણ બે શબ્દ કહો !

આવતી વખતે રસ્તામાં તમારાં સૂત્રો પણ સાંભળવા મળ્યાં. 'અબ અંગૂઠા નહીં દેંગે..... અબ અંગૂઠા નહીં દેંગે..... અબ અંગૂઠા નહીં દેંગે...' (હવે અંગૂઠો નહીં આપીએ...) એક જણે વળી ફરિયાદ પણ કરી, 'મહારાજશ્રી, અમે આપની પાસે કેવી રીતે આવીએ ? અમારો એક પૂર્વજ આવ્યો પણ હતો તો ગુરુજીએ એનો અંગૂઠો જ લઈ લીધો હતો !'

તમારો પ્રશ્ન મર્મઘાતક છે. તમારા બધાનો આક્રોશ પણ સ્વાભાવિક છે. અધૂરું જ્ઞાન જ પૂર્ણ જ્ઞાન માટેની પ્રેરણા છે. કોઈ અન્ય કાર્યક્રમ વચ્ચે આ પ્રશ્ન તો અનુકૂળ ન જ કહેવાય. આ પ્રસંગ પણ આ પ્રશ્ન માટેનો અવસર નથી અને છતાંય તમારા બધાનો આગ્રહ જોતાં હું થોડો પ્રયાસ કરું છું.

આ આચાર્યોને તો શું કહેવું ? આચાર્ય દ્રોણે તો માત્ર અંગૂઠો માગી લીધો હતો, પરંતુ એક આચાર્યે તો કર્ણના પ્રાણ જ માગી લીધા હતા તો વળી એક આચાર્યે રાજકુમારી શર્મિષ્ઠાને દાસી બનાવી દીધી હતી. આ આચાર્યોએ જ સ્મૃતિઓની રચના કરી અને ભારતવર્ષને લગભગ બરબાદ કરી નાખ્યું.

હકીકતમાં સદ્ગુરુ અને આચાર્યગુરુઓ વચ્ચે ભેદ કરવાનું લોકો ભૂલી ગયા છે. અને આ જ તમારી શંકા અને જગતમાં જે અનર્થો વ્યાપ્ત થયાં છે તેનું મૂળ કારણ છે. સામાજિક પરિવેશથી ત્રસ્ત થયેલ આચાર્યગુરુ કંઈ પણ કરી શકે એમ છે. જે શિક્ષણ આપે તે આચાર્ય. શિક્ષણમાં ધનુષ્ય-વિદ્યા છે. આયુર્વેદનું શિક્ષણ છે અને વર્ણમાળાનું શિક્ષણ પણ છે. માનવજીવનમાં ઉપયોગી જેટલી પણ કળાઓ આ વિશ્વમાં છે તે બધી કળાઓ શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે.

પૌરાણિક કથાનુસાર પ્રજાપતિ કશ્યપને બે રાણીઓ હતી. દિતિ અને અદિતિ. દિતિએ દાનવોને અને અદિતિએ દેવતાઓને જન્મ આપ્યો. આ બન્ને રાણીઓ એકબીજાની શોક્ય હતી અને તેથી એકબીજા પ્રત્યે ઈર્ષ્યા સેવતી હતી. આના પરિણામસ્વરૂપે એમના પુત્રો વચ્ચે પણ અણબનાવ નિર્માણ થયો. આ બન્ને વચ્ચેનો વિવાદ ટાળવા માટે કશ્યપે એમને માટે ભૂ-ભાગને બે વિભાગમાં વહેંચી દીધો. આમ છતાં પણ દાનવો અને દેવતાઓ વચ્ચે સુમેળ સધાયો નહિ.

આ બન્ને વચ્ચેની ઈર્ષ્યા અને દ્વેષને પ્રજ્વલિત કરવામાં એક ઘટનાએ

વિશેષ યોગદાન આપ્યું. દેવતાઓએ બૃહસ્પતિને પોતાના આચાર્ય તરીકે નિયુક્ત કર્યા. શુક્રાચાર્યજી એ યુગના એક મૂર્ધન્ય વિદ્વાન હતા. એમને લાગ્યું કે આ એમનું અપમાન છે અને તેથી તેમણે અસુરોના આચાર્યના પદનો સ્વીકાર કર્યો. દેવાસુર સંગ્રામ ફરી ફરી થતા હતા તેમાં મૂળ કારણ હતું આ બન્ને આચાર્ય ગુરુઓની પ્રતિદ્વન્દ્વિતા.

## આચાર્ય બૃહસ્પતિ

દેવોના ગુરુ બૃહસ્પતિની બુદ્ધિ અત્યંત સૂક્ષ્મ હતી. શારીરિક બળ કરતાં બુદ્ધિબળ અને કૂટનીતિમાં એમને વધારે વિશ્વાસ હતો. સાપ પણ મરે અને લાઠી પણ ન તૂટે. મદાંધ નહુષથી દેવરાજ ઈન્દ્રની પત્ની શચિની રક્ષા તેમણે પોતાની બુદ્ધિની કુશળતાથી જ કરી હતી.

એક વાર એક નરેશે સો યજ્ઞો કર્યા અને ઈન્દ્રપદ પ્રાપ્ત કરી લીધું. આ નરેશનું નામ નહુષ હતું. પહેલાં તો નહુષ બહુ ધર્માત્મા હતો, પરંતુ ઈન્દ્ર પર વિજય પ્રાપ્ત કર્યા પછી અને ઈન્દ્રપદ પર અભિષિક્ત થતાં જ વરુણ, અગ્નિ, કાળ, યમ, વાયુ તથા ચંદ્ર ઈત્યાદિ દેવતાઓએ એમને પ્રણામ કર્યા તો એને અહંકાર આવી ગયો. એને વિચાર આવ્યો કે એનો પ્રભાવ આ બધાં કરતાં અધિક છે, એને લાગ્યું કે ઈન્દ્ર હજુ સુધી નથી આવ્યો તો એ ક્યાં છે ? એને સમાચાર મળ્યા કે ઈન્દ્ર તપશ્ચર્યા કરવા ગયો છે. નહુષે કહ્યું, 'ઈન્દ્ર નથી તો કંઈ નહીં, એની પત્ની તો છે ને ! શચિ ક્યાં છે ? એને મારી સેવા કરવા માટે ઉપસ્થિત કરો !'

મહારાણી શચિએ બૃહસ્પતિ સમક્ષ નિવેદન કર્યું, 'આચાર્યપ્રવર ! આ નહુષથી મારું રક્ષણ કરો !' બૃહસ્પતિએ વિચાર કર્યો અને કહ્યું, 'નહુષને કહેવડાવો કે વિપ્રો દ્વારા ઊંચકાયેલી પાલખીમાં બેસી એક મહિના સુધી તમે સ્વર્ગનું ભ્રમણ કરો. આમ કરવાથી તમે કેટલાં ઐશ્વર્યવાળા છો તેની લોકોને જાણ થશે. ત્યાર બાદ એ જ પાલખીમાં બેસી તમે મારા મહેલે પધારજો. હું તમને પસંદ કરી લઈશ !'

નહુષે વિપ્રોની શોધમાં એના દાસને મોકલ્યા. સ્વર્ગમાં તો દેવતા રહે ત્યાં વિપ્રોને ક્યાં શોધવા ? પૃથ્વી પરથી જ વિપ્રોને પકડ્યા. અને એ પણ ભારતમાંથી ! બીજે કોઈ ઠેકાણે તો વિપ્રો મળે જ ક્યાંથી ? કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી. જ્યાંથી પણ મળ્યા ત્યાંથી પકડ્યા. આમાં હતા : અગસ્ત્ય, પુલહ, પુલસ્ત્ય અંગિ, અંગિરા, વસિષ્ઠ અને વિશ્વામિત્ર ! સપ્તર્ષિ નહુષની પાલખી ઉઠાવી એક મહિના સુધી એને સ્વર્ગની સહેલ કરાવતા રહ્યા. જે દિવસે મહિનો પૂર્ણ થયો પાલખી શચિ દેવીના મહેલ તરફ ફરી. નહુષની અધીરાઈ વધી ગઈ. એને પાલખી ઊંચકનારની ચાલ ધીમી પડી ગઈ હોય એવું લાગ્યું. 'સર્પ-સર્પ' (જલદી-જલદી) એમ કહી એણે મહર્ષિ અગત્સ્યને પગથી લાત. મારી ઋષિએ તુરત જ શાપ આપ્યો : 'જા, સર્પ થઈ જા !' અજગરની જેમ લહેરાતો નહુષ આકાશ પરથી નીચે પડવા લાગ્યો. એણે ઋષિઓને પ્રાર્થના કરી. 'ક્યારે મુક્તિ પામીશ ?'

એમ પૂછ્યું. જવાબમાં એમણે કહ્યું, 'જ્યારે તને કોઈ વિપ્રનું માહાત્મ્ય સમજાવશે તે દિવસે તું અજગરના અધમ શરીરથી મુક્તિ પામીશ !'

નહુષને જીજ્ઞાસા થઈ. 'ભગવન્, મને વિપ્રનું માહાત્મ્ય કોણ સમજાવશે ?' આ મહાપુરુષોએ કહ્યું, આ સમયે તો સૃષ્ટિમાં કોઈ નથી જે વિપ્રનું માહાત્મ્ય સમજાવી શકે. દ્વાપરમાં વનવાસ વખતે યુધિષ્ઠિર તને વિપ્રનું માહાત્મ્ય સમજાવશે ત્યારે જ તું આ અધમ યોનિથી મુક્તિ પામીશ અને ફરીથી ઇન્દ્રપદ પ્રાપ્ત કરી શકીશ !' સંત તો દયાળુ હોય છે. નહુષે, જોકે એક મહિના સુધી વિપ્રો પાસે પાલખી ઊંચકાવી છતાં પણ એમને ક્રોધ નહોતો આવ્યો. એના ઉદ્ધત આચરણ પર એમને ક્રોધ આવ્યો અને શાપ આપ્યો તો સાથેસાથે એને મુક્તિના આશીર્વાદ પણ આપ્યા. આમ, શચિના રક્ષણના સંદર્ભે બૃહસ્પતિએ સ્વયં હસ્તક્ષેપ ન કર્યો - જરૂરત પણ ન સમજી - પરંતુ બુદ્ધિનો ઉપયોગ કરી નહુષને દંડ અપાવ્યો.

આવી જ એક બીજી કથા છે. મહાન પરાક્રમી દૈત્ય હિરણ્યાક્ષ તપશ્ચર્યા કરવા લાગ્યો. દેવતાઓએ આચાર્ય બૃહસ્પતિ સમક્ષ નિવેદન કર્યું : 'આ દુષ્ટ જો સફળ થઈ જશે તો દેવતાઓનો વિનાશ જ થઈ જશે ! આની તપશ્ચર્યામાં વિઘ્ન ઊભું કરો !' બૃહસ્પતિને સ્વયં કંઈ કરવું ઉચિત ન લાગ્યું. એમણે એમના પાળેલા પોપટને હિરણ્યાક્ષ પાસે મોકલ્યો. હિરણ્યાક્ષ 'બ્રહ્મણે નમઃ' નો જાપ કરતો હતો તો પોપટ એની નકલ કરતો અને 'વિષ્ણવે નમઃ' એમ જાપ કરતો. એક-બે દિવસ તો હિરણ્યાક્ષ પર આનો કોઈ પ્રભાવ પડ્યો નહીં પરંતુ ક્રમશઃ એકાદ બે વાર 'બ્રહ્મણે'ને બદલે 'વિષ્ણવે' એમ પણ જાપ થવા લાગ્યો. હિરણ્યાક્ષને એની ભૂલ ધ્યાનમાં આવી તો લાકડી લઈ, 'વિષ્ણુના પિઠ્ઠુ પોપટ' કહેતાંક દોડ્યો. પોપટ તો ઊડી ગયો. હિરણ્યાક્ષની તપસ્યા ભંગ થઈ ગઈ. શું બગાડ્યું હતું હિરણ્યાક્ષે બૃહસ્પતિનું ? એક કુટિલ નીતિથી એને પરાજિત કરવાની બૃહસ્પતિની કલા હતી. આવી વિલક્ષણ પ્રતિભાવાળા બૃહસ્પતિ દેવતાઓના આચાર્ય હતા. પરંતુ શુક્રાચાર્ય પણ કંઈ ઓછી માટીના નહોતા. એમણે એમના શિષ્યની તપસ્યા પૂર્ણ કરાવી જ દીધી.

## આચાર્ય શુક્ર

હવે શુક્રાચાર્યનાં કૃત્યો પર એક નજર નાખીએ. એમણે એક નવીન આવિષ્કાર કર્યો. એમણે પોતાના અસુર શિષ્યો માટે સંજીવની વિદ્યા પ્રાપ્ત કરી લીધી. જેટલા પણ દાનવો પોતાના પ્રાણ ખોઈ બેસતાં આ વિદ્યાના પ્રભાવથી ફરી સજીવન થઈ જતા. એમના બે પુત્રો પ્રહ્લાદ સાથેના યુદ્ધમાં માર્યા ગયા હતા પરંતુ એમને એક પુત્રી પણ હતી, દેવયાની ! એ સમયે અસુરોનો રાજા વૃષપર્વા હતો. એમને પણ એકની એક પુત્રી હતી, શર્મિષ્ઠા ! આ રાજકન્યા વનમાં ફરવા માટે નીકળી હતી. એની સાથે દાસીઓ હતી અને આચાર્ય કન્યા દેવયાની પણ હતી. એ લોકોએ જળવિહાર કર્યો. જળવિહાર કર્યા બાદ દેવયાનીએ રાજકુમારીનાં વસ્ત્રો પહેરી

લીધાં. આ એની ભૂલ હતી. આ ભૂલ પર રાજકુમારીએ એને ન કહેવાનાં વેણ કહ્યાં. એણે કહ્યું, 'તું મારા પિતાની સ્તુતિ કરનાર, એમની પાસેથી નિત્ય ભિક્ષા માગનાર અને દાન માગનારની દીકરી છે. તારી એટલી હિંમત કે તું મારા, રાજકુંવરીનાં રાજવી વસ્ત્રો પહેરે ?' દેવયાનીએ કહ્યું, 'તારા પિતા મારા પિતાજીના ચરણ-સ્પર્શ કરે છે, હું આચાર્યકન્યા છું. મારી સામે રાજકન્યા શી વિસાતમાં છે ?' આમ બે બાળાઓ વચ્ચે હુંસાતુસી થઈ. શર્મિષ્ઠાએ કહ્યું, 'આને કૂવામાં નાખી દો !' જંગલમાં એક કૂવો હતો. દાસીઓએ દેવયાનીને એ કૂવામાં નાખી દીધી. દેવયાની કેટલાય દિવસ સુધી કૂવામાં પડી રહી એને મોત જાણે એની સામે આવી ઊભું હોય એવી પ્રતીતિ થઈ. અકસ્માત રાજા યયાતિ શિકાર કરતાં ત્યાંથી નીકળ્યો. કૂવામાંથી 'પ્રાણ બચાવો' એવો અવાજ સંભળાયો. રાજાએ દોરડું નાખ્યું. જ્યારે એ લગભગ ઉપર આવી ગઈ ત્યારે રાજાએ એનો હાથ પકડી એને કૂવામાંથી બહાર નીકળવામાં મદદ કરી. સ્વસ્થ થયા પછી એણે કહ્યું, 'આ જંગલમાં હું ક્યાં જઈશ ? તમે મારા પ્રાણની રક્ષા કરી છે, આ શરીર પર તમારો અધિકાર છે. તમે મારો હાથ પકડ્યો છે તો તમે મને તમારી સાથે લઈ જાવ !'

યયાતિએ કહ્યું, 'હમણાં તો 'બચાવો, બચાવો એમ બૂમો પાડતી હતી અને હવે બહાર, આવ્યા પછી, મારી સાથે લગ્ન કરો ! એમ કહે છે ? કહે તો ખરી કે તું કોણ છે ?' દેવયાનીએ કહ્યું, 'હું દાનવોના ગુરુ શુક્રાચાર્યની કન્યા છું !' રાજા એમનું અપ્રતિમ પરાક્રમ જાણતો હતો. ક્યાંક એ નારાજ થઈ જાય તો ? એણે કહ્યું, 'જો, લગ્ન માટે માતા-પિતાની સંમતિ આવશ્યક હોય છે. પહેલાં તો તમે તમારા પિતાજીની અનુજ્ઞા માગો, પછી જે ઉચિત હશે તે જ થશે !'

દેવયાનીએ રડતાં રડતાં સઘળો વૃત્તાન્ત એના પિતાજીને કહી સંભળાવ્યો. ખાનગીમાં એણે પોતાનું મંતવ્ય પણ કહ્યું : 'શર્મિષ્ઠા સામે બદલો લઈશ !' આ રાજા સાથે મારાં લગ્ન કરાવી દો અને શર્મિષ્ઠાને મારી દાસી બનાવી મારી સાથે મોકલી દો ! એ મને કહેતી હતી કે તું ભિખારીની કન્યા છે. તમે ભિખારી છો કે ગુરુ, આચાર્ય ?' શુક્રાચાર્યે કહ્યું, 'હું ભિક્ષુક પણ છું અને આચાર્ય પણ છું ! બન્ને વાત સત્ય છે. શર્મિષ્ઠા અબુધ છે. એને દાસી બનાવવાની વાત મૂકી દે !' પરંતુ દેવયાનીએ એની હઠ છોડી નહિ. શુક્રાચાર્ય પણ ક્ષુબ્ધ થઈ ગયા. સંતાનના મોહમાં ફસાઈ ગયા !

એમણે વૃષપર્વાને કહ્યું, 'રાજન્, હું તમારા આચાર્યપદનો ત્યાગ કરું છું. હિમાલય જઈશ અને ત્યાં તપશ્ચર્યા કરીશ ! દેવયાની પર પ્રાણઘાતક પ્રહાર થયો છે. એ મને પ્રાણથી પણ અધિક પ્રિય છે. એના વગર હું અહીં નહિ રહી શકું. જે શર્મિષ્ઠાએ આવું કર્યું છે તેને એની દાસી બનાવી દો તો જ હું અહીં રહી શકીશ !' મહારાજ વૃષપર્વાને વિચાર આવ્યો : જે અસુરલોક યુદ્ધમાં મૃત્યુ પામે છે એ બધાને આ ફરી જીવિત કરે છે. અગર આ જ જો જતા રહેશે તો અમે બધા

ઓછા થતા જઈશું. દેવતાઓ સાથેનું યુદ્ધ સંભવી જ નહિ શકે. હું અને મારો સમસ્ત અસુરગણ દેવતાઓના અધિકારમાં આવી જઈશું. અગર પરિવારનો વિનાશ એક સદસ્યના ત્યાગથી બચી જાય છે તો એ સદસ્યનો ત્યાગ જ ઉત્તમ છે. ગામનો વિનાશ ઉપસ્થિત થાય તો એક પરિવારનો ત્યાગ કરવો જોઈએ અને દેશનો વિનાશ જો એક ગામના પરિત્યાગથી થતો હોય તો ગામનો ત્યાગ કરવો ઉચિત છે. નીતિ આમ જ કહે છે.' અસ્તુ. રાજા વૃષપર્વાએ પોતાનું કાળજું કઠણ કરી, પ્રાણ સમાન વહાલી, પોતાની એકની એક દીકરી શર્મિષ્ઠાને દેવયાનીની દાસી બનાવી વિદાય કરી. આચાર્યે એક સંમાનિત સમ્રાટની મર્યાદા હરી લીધી. સંતાનનો મોહ, જીવનનો મોહ તથા યશપ્રતિષ્ઠાનો મોહ - આ બધું કંઈ પણ કરાવી શકે છે.

રાજમહેલમાં દેવયાની ચિંતામાં ગરક થઈ ગઈ. 'આ રાજકન્યા છે, સુંદર છે, અનેક ગુણવાળી છે, રાજાની દૃષ્ટિ એના પર પડશે તો જરૂર મોહિત થઈ જશે. મારે એવું કંઈક કરવું જોઈએ કે એ રાજાની નજરે જ ન પડે. એણે કહ્યું, 'જો દાસી, જંગલમાં જે મહેલ છે, ત્યાં તું જા. મહેલની સાફસૂફી કર, ઝાડુ માર અને ત્યાં રહે !' યયાતિ મહારાજ શિકાર કરવા ગયા હતા અને ત્યારે એમણે જોયું કે મહેલમાં એક ખૂબ જ સ્વરૂપવાન દેવી છે. રાજા એની નજીક જઈ બોલ્યા, 'દેવી, તમે કોઈ દેવકન્યા છો, અપ્સરા છો કે ગંધર્વ છો ? આ વિકરાળ જંગલમાં તમે એકલાં કેમ છો ?' શર્મિષ્ઠાએ કહ્યું, 'રાજન્, હું મહારાજ વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠા છું. તમારી મહારાણીજી સાથે દાસી બનીને આવી છું. આ મહેલમાં ઝાડુ મારવાની સેવા મારે માથે આવી છે !' રાજાએ કહ્યું, 'તમે અને દાસી ! અજાણ્યે જ અમારાથી અપરાધ થઈ ગયો છે, મેં પહેલાં તપાસ કેમ ન કરી ?' તરત જ હીરાની વીંટી પહેરાવી રાજાએ એની સાથે ગાંધર્વ-વિધિથી લગ્ન કરી નાખ્યાં. એને મહારાણી-પદનું સમ્માન આપ્યું. રાજાને શર્મિષ્ઠાથી ત્રણ અને દેવયાનીથી બે પુત્રો થયા.

એક દિવસ દેવયાનીએ મહારાણી જેવી દશામાં શર્મિષ્ઠાને પુત્રો સાથે એકદમ ખુશમિજાજમાં જોઈ. બાળકોની મુખાકૃતિ જોઈને જ દેવયાની બધી જ વાત સમજી ગઈ. એ એકદમ ક્રોધિત થઈ ગઈ અને સીધી એના પિતા પાસે પહોંચી જઈને ફરિયાદ કરી. 'આ રાજાએ મને બેઆબરૂ કરી છે. જેને હું દાસી બનાવી મારા પગ નીચે દબાવવા માગતી હતી. તેને એણે મુકુટ પહેરાવ્યો છે. તમે એને દંડ આપો !' યયાતિ પણ ત્યાં પહોંચી ગયો. શુક્રાચાર્યે પુત્રીના મોહવશને કારણે યયાતિને શાપ આપ્યો : 'તને તારી યુવાનીનો બહુ નાદ છે ને ? જા, તું અતિવૃદ્ધ થઈ જા ?'

યયાતિ ઊઠવા માગતો હતો છતાંય ઊઠી ન શક્યો. માંડ માંડ સરકતો સરકતો એ આગળ આવ્યો અને એક દાંડો પકડ્યો. ઊઠ્યો, હસતાં હસતાં એ બોલ્યો, 'બાબાજી, તમે તો તમારી પુત્રીને જ એક પ્રકારે શાપ આપ્યો છે. હવે,

એ બેસીને મને પંખો નાખશે. વૈધવ્ય પણ એક પ્રકારનો ત્રાસ જ છે !' દેવયાની પણ અચંબામાં પડી ગઈ. 'પિતાજી, આ તો તમે કેવો શાપ આપ્યો ?! કોઈ મામૂલી સજા આપવી જોઈતી હતી. હવે, એમને પહેલાં જેવા કરી દો ?' શુક્રાચાર્યજીએ કહ્યું, 'એ શાપ તો હું પાછો ન લઈ શકું. હા, એક ઉપાય છે. એમનો જો કોઈ એક પુત્ર એની યુવાની એમને આપે તો એમનું વૃદ્ધત્વ જતું રહેશે !' દેવયાનીના પુત્રો ત્યાં જ રમી રહ્યા હતા. એમનું તો આ મોસાળ હતું. એમણે જ્યારે આ સાંભળ્યું તો કહ્યું, 'ના અમે એમની અવસ્થા નહિ લઈએ. એમની આંખો કેવી લાગે છે ? ચહેરા પર કેવી કરચલીઓ પડી છે. આવું શરીર હોય તો અમે ઘોડેસવારી કેવી રીતે કરી શકીએ ? આવો બુઢાપો તો તમે તમારી પાસે જ રાખો !'

દેવયાનીના પુત્રો યદુ અને તુર્વસુએ યયાતિને નિરાશ કરી નાખ્યો. શર્મિષ્ઠાના પુત્ર દ્રુહ્યુ અને અનુસુને પણ એમની યુવાની યયાતિને આપવાની પ્રાર્થના કરવામાં આવી તો તેમણે પણ એ વાતનો અસ્વીકાર કર્યો. એમણે પણ વૃદ્ધાવસ્થાના દોષો ગણાવ્યા. આખરે શર્મિષ્ઠાના ત્રીજા પુત્ર પુરુએ કહ્યું, 'પિતાજી તમારા આદેશનું હું પાલન કરીશ. આ નશ્વર શરીર એક દિવસ તો નાશ પામવાનું જ છે. માતા-પિતાની સેવામાં જો એ કામમાં આવે તો આ સંસારમાં મારા જેવો ભાગ્યશાળી બીજો કોણ હોઈ શકે ?' એણે તુરત જ પોતાની યુવાની યયાતિને આપવાનો સંકલ્પ કર્યો અને યયાતિની વૃદ્ધાવસ્થાનો અંગીકાર કર્યો. પછી તો પ્રસન્નતાથી પ્રભુ- ભજનમાં મન પરોવ્યું.

થોડા સમય પછી નહુષપુત્ર યયાતિને ઘણી ગ્લાનિ થઈ. એણે જોયું કે વિષય-વાસનાથી કોઈ તૃપ્તિ થતી નથી. એને લાગ્યું કે એણે એના આજ્ઞાકારી પુત્ર સાથે ઘોર અન્યાય કર્યો હતો. એણે પુરુને એની યુવાવસ્થા પાછી આપી અને પોતાની વૃદ્ધાવસ્થા અપનાવી લીધી. દેવયાની અને શર્મિષ્ઠા સાથે એ જંગલમાં તપસ્યા કરવા ગયો. આ દરમિયાન દેવયાની અને શર્મિષ્ઠા વચ્ચે સ્નેહનો ભાવ જાગ્યો અને બાળપણની જે અંતરંગતા હતી તે પાછી આવી. આમ સંતાન-મોહમાં ફસાઈ ગયેલા આચાર્યે પણ ઘણું બધું કર્યું. જે યજમાને હરહંમેશ સન્માન કર્યું એની મર્યાદા પણ એમણે લોપી. યજમાન મોહમાં જેટલા વ્યસ્ત હોય તેટલા એ પણ હોવા જોઈતા હતા. અંગૂઠો મર્યાદાથી તો મહાન નથી હોતો ને ?

## આચાર્ય દ્રોણ

દ્વાપરયુગનો આ પ્રસંગ છે. એક વાર ભારદ્વાજપુત્ર ઋષિ દ્રોણે જોયું કે એમના પુત્ર અશ્વત્થામાના મોઢા પર સફેદ સફેદ કંઈક ચોંટ્યું છે. એમની પત્ની કૃપીને એમણે પૂછ્યું, 'આ શું ચોંટાડ્યું છે ?' એમની પત્નીએ જવાબ આપ્યો, 'આ દૂધ માટે હઠ કરતો હતો, એટલે મેં ચોખાના લોટને પાણીમાં ઘોળી પીવડાવ્યું છે અને થોડું એના ચહેરા પર પણ ચોપડી દીધું છે જેથી એ એના મિત્રોને કહી

શકે કે એણે દૂધ પીધું છે !' દ્રોણ સ્તબ્ધ થઈ ગયા. એમના મર્મને ચોટ વાગી. એમણે કહ્યું, 'ધિક્કાર છે એ પિતાને જે પોતાના પુત્ર માટે એક પાશેર જેટલા દૂધનો પણ પ્રબંધ ન કરી શકે ! પરંતુ તારે ચિંતા કરવાની જરૂર નથી. હું હમણાં જ વ્યવસ્થા કરું છું. દ્રુપદ મારો બાળસખા છે, હવે પાંચાલ દેશનો નરેશ બની ગયો છે. હું એની પાસે જાઉં છું અને એક ગાય લઈ આવું છું !'

દ્રોણ અને દ્રુપદ સાથે વિદ્યાભ્યાસ કરતા હતા. દ્રોણ સહસા જ પાંચાલ નરેશ દ્રુપદ પાસે પહોંચી ગયા. મોટા મોટા રાજા-મહારાજાઓ દ્રુપદના રાજ્યાભિષેકના સમયે આવ્યા હતા. દ્રોણે કહ્યું, 'મિત્ર, તને રાજસિંહાસન પર બેઠેલો જોઈ મને અત્યંત હર્ષ થયો છે. મિત્ર, મને એક ગાય આપ !' પાંચાલ નરેશે એમનો તિરસ્કાર કર્યો - અપમાન કર્યું અને કહ્યું, 'જો, મિત્રતા અને શત્રુતા બે સમાન હેસિયતવાળી વ્યક્તિ સાથે જ થાય. ક્યાં હું મૂર્ધાભિષિકત નરેશ અને ક્યાં તું એક ભિખારી ? ભિખારી અને નરેશની મિત્રતા હોય ખરી કદી ?' દ્રોણે કહ્યું, 'જ્યારે આપણે ગુરુકુળમાં શિક્ષણ લેતા હતા ત્યારે આપણે પરસ્પર મિત્રતા રાખીશું એવું વચન દીધું હતું ! દ્રુપદે કહ્યું, 'એ તો બાળપણની વાત ! એ તો ભૂલી જવાની હોય ! દ્રોણ જા, તું હવે મોટો થયો છે, ડાહ્યો થયો છે અને હું પણ મોટો અને ડાહ્યો થયો છું, હા, તું બ્રાહ્મણ ભિક્ષુક થઈને માગે તો હું તને પાંચસો ગાય આપું પણ મિત્રતાનો જો દાવો કરતો હોય તો એક પણ ગાય નહિ આપું !' દ્રોણે ઘણી આજીજી કરી અને આખરે દુઃખી થઈ હસ્તિનાપુર તરફ ચાલી નીકળ્યા.

પાંડવ અને કૌરવ રાજકુમારો રમતા હતા. એમનો દડો કૂવામાં પડી ગયો હતો. દ્રોણે તરત જ ઘાસના લાંબા તણખલાંઓ મંગાવ્યાં. એક તણખલાને બીજા તણખલા સાથે જોડીને એમણે દડો કૂવામાંથી બહાર કાઢી આપ્યો. એમણે રાજકુમારોને કહ્યું, 'એક સાધારણ દડો તમે લોકો કૂવામાંથી કાઢી નથી શકતા તો આવડા મોટા રાજ્યનું રક્ષણ કેવી રીતે કરશો ?' રાજકુમારોએ એમનો પરિચય માગ્યો. એમણે કહ્યું, 'આ પ્રસંગની ચર્ચા તમે પિતામહ ભીષ્મ સાથે કરજો. એમને મારો પરિચય છે !' રાજકુમારોએ પિતામહને વાત કરી. એ પણ એ જ ગુરુના શિષ્ય હતા જેમની પાસેથી દ્રોણે પણ શિક્ષણ લીધું હતું. એમને અંદેશો આવી ગયો. બનવાજોગ છે કે આ દ્રોણ હોઈ શકે ! એમણે દ્રોણનું સ્વાગત કર્યું. ગાય ભેટમાં આપી રહેવા માટે રાજપ્રાસાદ આપ્યો. યાતાયાત માટે રથ આપ્યો. રાજકુમારોના શિક્ષણ અર્થે એમણે દ્રોણને આચાર્ય-પદ પર અભિષિક્ત કર્યા. જીવવા માટે ખૂબ જ સારી વ્યવસ્થા થઈ ગઈ.

દ્રોણ ઘણી ગરીબ અવસ્થામાંથી પસાર થયા હતા. રાજકુમારોના આચાર્યપદે નિયુક્ત થયા એટલે એ ખૂબ મનઃપૂર્વક શિક્ષણ આપવા લાગ્યા. શિક્ષણ જ્યારે સંપૂર્ણ થયું એટલે તેમણે પરીક્ષા લીધી. આ પરીક્ષામાં એમણે અર્જુનને વિશ્વનો

સર્વશ્રેષ્ઠ ધનુર્ધર ઘોષિત કર્યો. પરીક્ષાનો સમારોહ સંપન્ન થયો કે થોડાક વિદ્યાર્થીઓ આચાર્યની સાથે વન-ભ્રમણ કરવા નીકળી પડ્યા. એમની આગળ એક કૂતરો પણ ચાલતો હતો. પાસે જ નિષાદરાજ હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય ધનુર્વિદ્યાનો અભ્યાસ કરી રહ્યો હતો. આ એકલવ્ય એક વાર આચાર્ય દ્રોણ પાસે ધનુર્વિધા શીખવા આવ્યો હતો. આચાર્ય દ્રોણે એને નિષાદ સંસ્કૃતિનો હોવાને લઈને અને પાંડવ તથા કૌરવોના હિતને લક્ષમાં લઈને ધનુર્વિદ્યા શીખવવાની ના પાડી દીધી હતી. ઘણા દિવસોથી એકલવ્યે સ્નાન નહોતું કર્યું. વળી એનાં કપડાં પણ ગંદાં અને ફાટેલાં હતાં. પાછો એ અપરિચિત અને શ્યામળો હતો એટલે એને જોઈને કૂતરો જોરજોરથી ભસવા લાગ્યો. એના ભસવાથી એકલવ્યના અભ્યાસમાં વિઘ્ન પડવા લાગ્યું, આથી તેણે એવી કુશળતાથી બાણ માર્યું કે કૂતરાની જીભ ઊંધી થઈ તાળવે ચોંટી ગઈ. એકલવ્યે બે-ચાર બાણ સીધાં અને ઊલટાં એવી રીતે માર્યાં કે લોહીનું એક ટીપું પણ ન પડ્યું અને કૂતરાનું ભસવાનું એકદમ બંધ થઈ ગયું.

પેલો કૂતરો હાંફતો હાંફતો પોતાના સ્વામી પાસે ગયો. એને જોઈને યુધિષ્ઠિરે કહ્યું : 'ગુરુદેવ આવું શિક્ષણ તો આપે અર્જુનને પણ નથી આપ્યું. આ ધનુર્ધર તો અર્જુનથી પણ મહાન જણાય છે. આચાર્યે કહ્યું, 'ચાલો, જોઈએ આ વળી કોણ છે ?' એકલવ્યે દ્રોણને જોયા. સાદર નમન કર્યા. દ્રોણે પૂછ્યું, 'વત્સ તું કોણ છે ? આવું શિક્ષણ તે કોની પાસેથી મેળવ્યું ?' એકલવ્યે પોતાનો પરિચય આપ્યો અને કહ્યું, 'આ શિક્ષણનું શ્રેય તો આપને જ જાય છે !' આચાર્ય દ્રોણ તો આશ્ચર્યચકિત થઈ ગયા. એ બોલ્યા, 'પરંતુ મેં તો તને કદીય અભ્યાસ નથી કરાવ્યો !' એકલવ્યે દ્રોણનું ધ્યાન એમની મૂર્તિ તરફ દોર્યું. કહ્યું, 'આ મૂર્તિને પ્રણામ કરું છું અને પછી અભ્યાસ શરૂ કરું છું. ઝાડ પર ચઢીને જોઈ લઉં છું કે આપ કેવી રીતે શીખવો છો અને પછી એ પ્રમાણે અભ્યાસ ચાલુ કરું છું !' નિષાદ સંસ્કૃતિ હસ્તિનાપુરની સંસ્કૃતિથી વિરોધી હતી અને વળી અર્જુનથી એકલવ્ય શ્રેષ્ઠ ધનુર્ધર થઈ જાય એવા ભયથી, પોતાની ગરિમા ઓઝપાઈ જાય અને જીવિકાનું સાધન બંધ થઈ જાય એવા ડરથી ભયભીત થઈ ગયેલા આચાર્ય દ્રોણે કહ્યું : 'વત્સ, ગુરુદક્ષિણા નહિ આપે શું ?' એકલવ્ય એકદમ ઉત્સાહિત થઈ ગયો અને બોલ્યો, 'ગુરુદેવ, આપ આજ્ઞા તો કરો ?' દ્રોણે કહ્યું, 'તારા જમણા હાથનો અંગૂઠો મને ગુરુદક્ષિણાના રૂપમાં આપી દે !'

આધુનિક શિષ્ય હોત તો કહેત, 'મૂર્તિએ શિક્ષણ આપ્યું છે. મૂર્તિ માગશે તો આપી દઈશ !' પરંતુ આ ગુરુભક્ત એકલવ્યે તો તરત જ અંગૂઠો કાપી આચાર્ય દ્રોણને સમર્પણ કરી દીધો. જોકે આચાર્યે એને બીજી આંગળીઓની સહાયથી બાણ ચલાવીને કુશળતા પ્રાપ્ત કરવાનો નિર્દેશ કર્યો પણ એમ કંઈ થોડી જ નિપુણતા આવે ? પોતાની પ્રતિષ્ઠા ભયમાં છે એવો ખ્યાલ આવતાં જ આચાર્ય મહાન ભૂલ કરી બેઠા એમાં કોઈ સંદેહ જ નથી. અર્જુન તો સર્વશ્રેષ્ઠ રહેવાનો જ

હતો. એની મર્યાદા કંઈ દ્રોણના શિક્ષણ સુધી સીમિત નહોતી જ. ભગવાન શંકર પાસેથી એણે પાશુપાત પ્રાપ્ત કર્યું હતું. અને આ અસ્ત્ર તો દ્રોણની પાસે પણ નહોતું કે નહોતું પરશુરામ પાસે ! અર્જુન તો દેવલોકમાં પણ ગયો હતો અને ત્યાં દેવતાઓ પાસેથી પણ શસ્ત્રાસ્ત્રનું શિક્ષણ મેળવ્યું હતું. અર્જુન માટે તો દ્રોણના આશીર્વાદ જ પૂરતા હતા. એ તો સદાય સર્વોપરી જ રહેત, પરંતુ આજીવિકા ખોવાઈ જવાના ભયે એમણે એકલવ્યનો અંગૂઠો માગી લીધો. આ એમની વિવશતા હતી. એમનો નિર્ણય પરિસ્થિતિજન્ય હતો. આમાં જાતિવાદને કંઈ જ લેવાદેવા નહોતી. એ જમાનામાં જાતિવાદ જેવી કોઈ ચીજ જ નહોતી. સમ્રાટો હતા અને એમના પ્રજાજનો હતા અને પ્રજાજનો કરોડો જાતના વ્યવસાયમાં પ્રવૃત્ત રહેતાં. ન્યાત-જાત જેવો કોઈ પ્રશ્ન જ ઊભો નહોતો થતો.

## આચાર્ય પરશુરામ

આચાર્ય દ્રોણ પાસે કર્ણ પણ શિક્ષણ લેવા આવ્યો હતો. આચાર્ય દ્રોણે એને ઉત્તર આપતાં કહ્યું, 'હું કેવળ ક્ષત્રિય રાજકુમારોને જ શીખવું છું !' કર્ણે ત્યાં ઊભેલા એક નવયુવક સામે આંગળી ચીંધી અને પૂછ્યું, 'ગુરુવર, આ યુવક કોણ છે ?' આ યુવક કૌરવ કે પાંડવ જેવો નહોતો દેખાતો. એ અલગ તરી આવતો હતો. આચાર્યે કહ્યું, 'આ મારો પુત્ર અશ્વત્થામા છે !' કર્ણે આ જવાબ સાંભળી કહ્યું, 'ઓહ, તો આ તો નથી ક્ષત્રિય કે નથી રાજકુમાર ! પ્રણામ ગુરુદેવ !' દ્રોણ હજી તો આ અસામાન્ય યુવકને જવાબ આપવા વિચાર કરતા હતા ત્યાં તો એ યુવક ત્યાંથી ચાલી નીકળ્યો અને સીધો જ દ્રોણના પણ ગુરુ આચાર્ય પરશુરામ પાસે પહોંચી ગયો. એણે વિચાર્યું, આ ગુરુજનમાં એક ઊણપ છે કે એ ક્ષત્રિય રાજકુમારોને જ શિક્ષણ આપે છે તો પછી હું એવા ગુરુ પાસે કેમ ન જાઉં જે આચાર્યપરંપરાના જ શિષ્યોને સ્વીકારતા હોય ! આમ વિચારીને એ આચાર્ય પરશુરામ પાસે ગયો. પરશુરામના શિષ્ય ભીષ્મે કાશીરાજની કન્યાઓનું અપહરણ કર્યું હતું. આમાંની એક કન્યાએ મનથી જ શાલ્વ નરેશને પોતાનો પતિ માની લીધો હતો. આ કન્યા અંબાને ભીષ્મે શાલ્વ નરેશ પાસે મોકલી આપી હતી પણ શાલ્વ નરેશે એનો સ્વીકાર ન કર્યો. પોતાની આવી દુર્દશા ભીષ્મને લઈને થઈ એવું માની અંબાએ ભીષ્મને પોતાને પરણવાનો આગ્રહ કર્યો. ભીષ્મ તો પ્રતિજ્ઞાબદ્ધ હતા એટલે એમણે પરણવાની ના પાડી. અંબા આથી ભીષ્મના ગુરુ પરશુરામ પાસે ગઈ અને પરશુરામે ભીષ્મને અંબાને પરણવાનો આદેશ આપ્યો. ભીષ્મે ત્યારે પણ ના પાડી એટલે ભીષ્મ અને પરશુરામનું યુદ્ધ થયું. આ યુદ્ધમાં પરશુરામનો પરાજય થયો અને તેથી એમણે પ્રતિજ્ઞા લીધી કે હવે પછી એ કોઈ પણ ક્ષત્રિયને યુદ્ધકળા નહિ શીખવે. પોતાની આ પ્રતિજ્ઞા પાળવા માટે એ કોઈ ગુરુનો આદેશ પણ માનવા તૈયાર નહોતા.

આ આચાર્ય પાસેથી શિક્ષણ મેળવવાનો કર્ણે નિર્ણય કર્યો. મહિના સુધી

એણે શિખા વધારી. પુરાણ સમયના લોકો વિશેષ કરીને આચાર્યપરંપરાના લોકો ગાયના પૂંછડા જેવી લાંબી શિખા રાખતા હતા. કર્ણે યજ્ઞોપવીત પણ ધારણ કર્યું. વંશાવળી ગોખી લીધી અને પરશુરામજી પાસે પહોંચી ગયો. એમણે પૂછ્યું, ‘વત્સ, કોણ છે ?’ કર્ણે જવાબ આપ્યો, ‘બ્રાહ્મણ ?’ ‘કેવો બ્રાહ્મણ ?’ કર્ણે જે ગોખી રાખેલું તે, શાખા-પ્રશાખા, ગોત્ર, પ્રવર ઇત્યાદિ સઘળું જ બોલી નાખ્યું. એને પ્રવેશ મળી ગયો. ગુરુજી એને શીખવતા એક માત્રા, એ શીખી લેતો દશ માત્રા. યુદ્ધ-કૌશલ તો એના સંસ્કાર હતા, એના લોહીમાં હતું અને વળી એ દેવપુત્ર પણ હતો. એક દિવસ એમણે અંતિમ અસ્ત્ર બ્રહ્માસ્ત્ર પણ કર્ણને પ્રદાન કરી દીધું. કર્ણે નિવેદન કર્યું, ‘પ્રભુ, આપ ગુરુદક્ષિણા માટે આદેશ આપો !’ પરશુરામે કહ્યું, ‘પુત્ર કર્ણ, તારા જેવો શિષ્ય તો ભાગ્યવાન ગુરુને જ મળે ! દીર્ઘકાળથી હું તારા જેવા કોઈ યોગ્ય શિષ્યને શોધી રહ્યો હતો. ભીષ્મ યોગ્ય હતા પણ તું તો એનાથી પણ બહેતર છે. મેં જે શિક્ષણ તને આપ્યું છે તેનો તું સદુપયોગ કરજે. આ જ મારી સાચી ગુરુદક્ષિણા હશે !’

ગુરુદેવ થાકીને સૂઈ ગયા. કર્ણે પોતાની જાંઘ પર એમનું માથું રાખ્યું. આ જ વખતે અલર્ક નામનો એક વજ્ર કીડો જમીનમાંથી નીકળી કર્ણની જાંઘ પર બેઠો અને એને કોરવા લાગ્યો. ગુરુદેવના વિશ્રામમાં વિઘ્ન ન આવે એવું વિચારતો કર્ણ એ પીડાને સહન કરતો રહ્યો. કર્ણની જાંઘમાં છિદ્ર પડી ગયું એટલે એ કીડાએ ત્યાંથી ઊડી ગુરુદેવની કાનપટ્ટીમાં પાંખો ફફડાવી. ગુરુદેવ ઝબકીને જાગી ગયા. લોહી વહેતું હતું એ જોઈને ગુરુદેવે કારણ પૂછ્યું. કર્ણે જવાબ આપ્યો, ‘કોઈ કીડો કરડતો હતો.’ ગુરુજીએ પૂછ્યું, ‘તેં એને ઉડાડ્યો કેમ નહિ ?’ કર્ણે કારણ કહ્યું : ‘ગુરુદેવ, આપની નિદ્રામાં વિઘ્ન આવત ! આપની સેવા મહાન કે મારી જાંઘ મહાન ? કીડા-મકોડાનો તો ધર્મ જ છે કરડવાનો !’ ‘તેં મને કયો વર્ણ કહ્યો હતો ?’ ગુરુદેવે પૂછ્યું. કર્ણે જવાબ આપ્યો, ‘બ્રાહ્મણ !’ પરશુરામજીને સંતોષ ન થયો. એમણે ફરી પૂછ્યું. ‘સત્ય કહે, કોણ છે તું ? કષ્ટ સહન કરવાની આવી ક્ષમતા બ્રાહ્મણોમાં નથી હોતી !’ કર્ણે કહ્યું, ‘હું સૂતપુત્ર છું !’ એમણે કહ્યું, ‘સૂતમાં પણ આવી ક્ષમતા નથી હોતી. તું ક્ષત્રિય છે ! તે કપટ કરી મારી પાસે શિક્ષણ લીધું છે ! જા, જ્યારે તું યુદ્ધમાં ઘેરાઈ જઈશ ત્યારે જ મેં આપેલી વિદ્યાની તને વિસ્મૃતિ થઈ જશે !’ અને આમ જ થયું. જ્યારે અર્જુન સાથે યુદ્ધમાં મુકાબલો થયો, પ્રાણ સંકટમાં પડી ગયા ત્યારે જ કર્ણે યાદ કરવાની ખૂબ કોશિશ કરી છતાંય વિદ્યાની વિસ્મૃતિ થઈ જ ગઈ. કર્ણનો વધ થયો. દ્રોણે તો માત્ર અંગૂઠો જ લીધો હતો પરંતુ પરશુરામે તો પ્રાણ જ હરી લીધા. અને એ પણ એવા શિષ્યના જેને માટે ગુરુજી ખૂબ જ ગર્વ અનુભવતા હતા. એમ કહેતા હતા કે આવો શિષ્ય તો કોઈ ભાગ્યવાન ગુરુને જ મળે. આ જ શિષ્યને એમણે મૃત્યુના આશીર્વાદ આપી દીધા. નવાઈની વાત તો એ છે કે ખુદ કર્ણને પણ જાણ નહોતી કે પોતે ક્ષત્રિય છે.

પરશુરામજી ક્ષત્રિય જાતિના વિરોધી હતા એવી તો કોઈ વાત જ નહોતી. એ ક્ષત્રિયોના દુશ્મન તો નહોતા જ. એ જ સમયે જનક પણ હતા, દશરથજી પણ હતા પરંતુ એમની સાથે એમને નાનો સરખોય વિવાદ નહોતો થયો. જે લોકો શસ્ત્રધારી હોય છે તે ઉચ્છૃંખલ હોય એ વાતથી તો સહુ વિદિત જ છે અને આવા ઉદંડ, મદાંધ, અરાજક તત્ત્વોનો જ એમણે વિનાશ કર્યો હતો. રાવણને પણ વશ કરનાર સમર્થ હૈહયવંશના સહસ્રાર્જુનનો પણ એમણે પરાભવ કર્યો હતો. રાવણને પણ એ મારી શકત પરંતુ નિયતિના વિધાનને એમ ને એમ રાખવામાં જ એમણે કલ્યાણ માન્યું.

ઘટના કંઈક આ પ્રકારની છે. એક વખત રાવણ એના લાવ-લશ્કર સાથે શિવ-પૂજન કરવા માટે અમરકંટક ક્ષેત્રમાં આવ્યો હતો. સૈનિકોએ પૂજનાર્થે ફુલોનો એક પહાડ રચી દીધો. રાવણે માટીનાં જ શિવલિંગ બનાવ્યાં અને નર્મદાના તટ પર આરાધનામાં તલ્લીન થઈ ગયો. થોડેક દૂર હૈહયવંશનો સહસ્રાર્જુન પોતાની રાણીઓ સાથે જળક્રીડા કરી રહ્યો હતો. મજાકમાં જ એણે પોતાના બાહુઓથી નર્મદાના જળપ્રવાહને અટકાવી દીધો. પાણીનો સ્તર ઉપર ઊઠવા લાગ્યું. રાવણની નજીક જે ફૂલો રાખવામાં આવ્યાં હતાં તે વહેવા લાગ્યા. રાવણનો સેનાપતિ પ્રહસ્તે જાતે જોવા ગયો કે વાત શી છે ? એણે જોયું અને તરત જ આક્રમણ કર્યું. સહસ્રાર્જુને એનો પરાજય કર્યો અને એથી પ્રહસ્તને ભાગવું પડ્યું.

પોતાની ચારેબાજુ જળપ્રવાહ જોઈ રાવણ સ્વયં આવ્યો. એણે સહસ્રાર્જુન સાથે મલ્લયુદ્ધ કર્યું. સહસ્રાર્જુને રાવણને વિવશ કરી નાખ્યો અને એને બંદી બનાવી દીધો અને એની સેનાને મારીપીટીને ભગાડી મૂકી. મહર્ષિ પુલસ્ત્યે આ ઘટના એમની સમાધિમાં જોઈ અને પોતાના પૌત્રને મુક્તિ અપાવી. સમયના વહેવા સાથે આ જ સહસ્રાર્જુન તથા એનાં સંતાનો ખૂબ જ ઉત્પાત મચાવા લાગ્યાં. મહર્ષિ જમદગ્નિની ગાયના વાછરડાને મારી નાખ્યો અને ગાયને લઈ ગયા. પ્રતિરોધ કરવામાં આવ્યો તો એમણે મહર્ષિની હત્યા કરી નાખી. મહર્ષિની પત્ની રેણુકાએ પોતાના પુત્ર પરશુરામને બધો વૃત્તાંત કહ્યો. પરશુરામજીએ એના પુત્રોનો સંહાર કર્યો. રાવણને પરાજિત કરનાર સહસ્રાર્જુનના બાહુઓને કાપી નાખ્યા. એમનામાં પરાક્રમ કરવાની કોઈ ઊણપ નહોતી પરંતુ આ મહાપુરુષ એટલું તો જાણતા જ હતા કે કોનો વધ, કયા સમયે, કોના દ્વારા સંભવ છે. એટલે રાવણનો વધ કરવાવાળા ધનુષ્ય કોદંડને પોતાના ખભા પર મૂકી રાખતા હતા અને ફરી રહ્યા હતા. કોઈ ઉપયુક્ત પાત્રની પ્રતીક્ષામાં ? જેવો સમય આવ્યો તેમણે એ ધનુષ્ય એક ક્ષત્રિયને જ સમર્પિત કરી દીધું હતું.

ભીષ્મે એમને પરાજય આપ્યો હતો છતાં પણ ખૂબ સ્નેહથી એ ભીષ્મનું સ્મરણ કરતા હતા અને તેથી જ એમણે કર્ણને કહ્યું હતું, 'ભીષ્મ મારો યોગ્ય શિષ્ય છે પણ તું તો એનાથી સવાયો છે, એમને જો ભીષ્મ તરફ ઈર્ષ્યા હોત તો

એ કહેત, 'કર્ણ ભીષ્મને પરાજિત કરીને આવે, આ જ મારી ગુરુદક્ષિણા હશે !' પરંતુ આવું કશું જ નહોતું. કર્ણને જે શાપ આપવામાં આવ્યો એ પણ નિયતિ જ હતી. મહાભારત, કર્ણપર્વના સત્તાવીસમાં અધ્યાયમાં ઈન્દ્રને શંકા થઈ ત્યારે બ્રહ્માજીએ કહ્યું હતું, '**कर्णश्च दानवः पक्षः अतः कार्य पराजयः** - કર્ણ દાનવ પક્ષનો પુરુષ છે એટલે એનો પરાજય થવો જ જોઈએ !' પરશુરામજીને આ રહસ્યજ્ઞાન હતું. ધર્મ પર શ્રદ્ધા રાખનાર મહાપુરુષોથી નિયતિ વ્યક્ત થતી જ રહે છે. આ શાપ આપ્યા પછી પણ કર્ણના મનમાં એમના પ્રત્યે ક્યારેય અશ્રદ્ધા જાગી નહોતી. યુદ્ધમાં પણ - 'હું પરશુરામનો શિષ્ય !', 'એવા ઉદ્‌ગાર એના મુખમાંથી સતત નીકળ્યા જ કરતા હતા.

જિજ્ઞાસાવશ કર્ણે આચાર્ય દ્રોણને પ્રશ્ન કર્યો હતો, 'આપે એકલવ્યનો અંગૂઠો કેમ માગી લીધો ?' આચાર્યે સમાધાનરૂપે જવાબ આપ્યો. 'એ એકલવ્યના ધનુષ્યના અંકુર હસ્તિનાપુર તરફ આવતા મને દેખાયા હતા. એકલવ્યનો પિતા જરાસંઘનો સેનાપતિ હતો.' આચાર્ય (શિક્ષક) લોક બહુ દીર્ઘદૃષ્ટિવાળા હોય છે, પરંતુ શાશ્વત સત્ય ધર્મના વિષયમાં વિચારવાની ક્ષમતા આ આચાર્યોમાં ક્યારેય નહોતી. આવી ક્ષમતા માત્ર સદ્‌ગુરુઓમાં જ હોય છે. આ લોકો જ સદ્‌ધર્મના શોધક છે.

## સ્મૃતિઓ

આ આચાર્યગુરુઓને નામે સ્મૃતિઓ પણ પ્રચલિત થઈ છે અને આ સ્મૃતિઓ ધર્મશાસ્ત્રના નામે ઓળખાય છે. જે અજ્ઞાન અને મોહાંધતા આ આચાર્યોના જીવન- ચરિત્રમાં વિદ્યમાન હતાં - પુત્ર-મોહ, જીવિકા-મોહ, વ્યક્તિગત માનપ્રતિષ્ઠાનો મોહ એ સઘળું આ સ્મૃતિઓમાં પાને વર્તાય છે. આમાં પણ આ આચાર્યો માટે આરક્ષણ છે : મંત્રી-પદ માટે આરક્ષણ, ન્યાય-પદ માટે આરક્ષણ, શિક્ષક-પદ માટે આરક્ષણ, સુખ-સુવિધા માટે આરક્ષણ, પુત્ર-મોહમાં જેટલો વિકળ અંધ ધૃતરાષ્ટ્ર હતો — પાંડવો મરી જાય અને મારો પુત્ર દુર્યોધન મહારાજા બની જાય અને મહારાજા બની જાય તો ખૂબ વધારે રાજ્ય પામે - એટલા જ વિકળ આ આચાર્યો હતા.

મહાભારતના યુદ્ધ દરમિયાન એક દિવસ આચાર્ય દ્રોણે સાંભળ્યું, 'અશ્વત્થામા હણાયો...' આટલુ જ જ્યાં એમણે સાંભળ્યું કે તે વિકળ થઈ ગયા. મુઠ્ઠીઓ ઢીલી પડી ગઈ. હાથમાંથી ધનુષ્ય-બાણ નીચે પડી ગયાં. કિંકર્તવ્યમૂઢ બની ગયા અને એટલામાં તો તેમનો વધ થઈ ગયો. પુત્ર-મોહમાં જેટલા વિકળ ધૃતરાષ્ટ્ર હતા તેટલા જ વિકળ દ્રોણ હતા, પરંતુ સદ્‌ગુરુઓને તો નથી હોતો પુત્ર-મોહ, નથી હોતો જીવિકા-મોહ કે નથી હોતી સન્માનની લાલસા ! મહારાજજી હંમેશ કહેતા, 'આખું જગત ભલે તમને સાધુ કહે, ભલે સંત-શિરોમણિ કહે, તમને રડવા માટે આંસુ નહિ મળે ! તમારો આત્મા તમને સાધુ કહે તો તમે તમારી જાતને સાધુ સમજજો. દુનિયા ભલે કહે કે ન કહે ! જહન્નમમાં જાય આ

દુનિયા ! ભગવાન જો કહે તમે સંત છો તો તમે સંત છો. અન્યથા તમે કદાપિ સંત નથી !' વિશ્વમાં એવું કોઈ પ્રમાણપત્ર નથી જે સંતને સન્માનિત કરી શકે ! મહાપુરુષો બધાં રીત-રિવાજોથી મુક્ત હોય છે, જ્યારે આ રીત-રિવાજોનું સંકલન જ સ્મૃતિ-ગ્રંથોમાં નિરૂપવામાં આવ્યું છે. ભગવાન બુદ્ધ પછી અને ઈસા મસીહાનાં બસો-ત્રણસો વર્ષ પહેલાં આ સ્મૃતિઓ લખાવાની શરૂ થઈ અને પછી બસો-ત્રણસો વર્ષ સુધી લખાયાં કરી. આ મનુસ્મૃતિ, પારાશરસ્મૃતિ, યાજ્ઞવલ્કય સ્મૃતિ- આમાંથી કોઈ પણ સ્મૃતિ આ મહાનુભાવોએ લખી નથી. એમને નામે આ સ્મૃતિઓ ચઢાવી દેવામાં આવી છે. ઉદાહરણ રૂપે મનુસ્મૃતિ મહારાજ મનુએ રચી નથી. કારણ કે, **'स्वायंभुव मनु अरु शतरूपा । जिनते भई नर सृष्टि अनुपा ॥'** સ્વયંભૂ અર્થાત્ સ્વયં કર્તા-કારવતા મહારાજ મનુ અને માતા સત્ય સ્વરૂપા દ્વારા આ અનુપમ સૃષ્ટિનો ઉદ્ભવ થયો. આની કોઈ તુલના કરી શકાય એમ નથી, આને કોઈ ઉપમા આપી શકાય એમ નથી તો પછી ત્યાં અસ્પૃશ્યતા ક્યાંથી આવી ચઢી ? શું કોઈ પિતા પોતાના ચાર પુત્રોમાંથી કોઈ એકને ખૂબ પવિત્ર અને બીજાને નિકૃષ્ટ કહી શકે ખરો ? કોઈ એકાદનો પડછાયો પણ પડી જાય તો સ્નાન કરવું પડે ? વિશ્વ જ્યારે અનુપમ છે તો એમાં ઘૃણાજનક કયું તત્ત્વ હોઈ શકે ? મનુની પછી ચૌદ પેઢી સુધી ચૌદ મન્વંતરો સુધી આ છૂતાછૂતનો ક્રમ ચાલતો રહ્યો. વસતિ થોડી થોડી વધવા લાગી ત્યારે પ્રજાપતિ યુગ આવ્યો. પ્રજાપતિ મરીચિ, પ્રજાપતિ કશ્યપ, પ્રજાપતિ દક્ષ ઇત્યાદિના ઇતિહાસથી લોકો સુવિદિત છે. પ્રજાપતિ કશ્યપની ઘણી બધી રાણીઓ હતી. એમાંથી બે રાણીઓ અને એમના પુત્રો વચ્ચે સ્પર્ધા અને ઈર્ષ્યાભાવ જાગ્યો ત્યારે પ્રજાપતિ કશ્યપે ભૂભાગ બે વિભાગમાં વહેંચી દીધો. દિતિના પુત્રો દાનવ અને અદિતિના પુત્રો દેવતાઓ અલગ અલગ રહેવા લાગ્યા. પરસ્પર વર્ચસ્વ માટે સંઘર્ષ થવા લાગ્યા. દેવગુરુ બૃહસ્પતિ અને દૈત્યગુરુ શુક્રાચાર્ય એમની પીઠ ઠોકતાં રહ્યા અને લડાવતા રહ્યા. આ લડાઈ હકીકતમાં તો આચાર્ય વચ્ચેની લડાઈ હતી, કારણ આરંભમાં તો દેવતા અને દૈત્ય વચ્ચે સારા સંબંધો હતા. દાનવરાજ પુલોમાની પુત્રી શચિ સાથે તો દેવરાજ ઇન્દ્રનાં લગ્ન થયાં હતાં. દેવગુરુની પુત્રી જયંતી શુક્રાચાર્યની અર્ધાંગના હતી. હીનતા અને મોટાઈની ભાવના તો આ આચાર્યોએ રોપી હતી. અને આ ભાવ છેક સામાજિક શિક્ષણ સુધી વિસ્તાર પામ્યો હતો. મનુસ્મૃતિના ચોથા અધ્યાયમાં નટ, નાવિક, સોની, ધોબી, મોચી, હજામ ઇત્યાદિ જે જાતિઓનો ઉલ્લેખ છે મન્વંતર કાળમાં એવું કોઈ વિભાજન જ નહોતું. એ સમયના શબ્દકોશમાં આ શબ્દો જ નહોતા. મહાભારતના કાળમાં ભેંસને જંગલી જાનવર જ માનવામાં આવતી ભીમે જે જે જંગલી પ્રાણીઓને માર્યા હતાં તેમાં ભેંસનો ઉલ્લેખ છે. પરંતુ મનુસ્મૃતિના પાંચમા અધ્યાયમાં જંગલી જાનવરોમાં ભેંસનું દૂધ લઈ શકાય એવો નિર્દેશ છે. આનાથી એટલું તો પ્રતીત થાય છે કે દુધાળા પશુના રૂપમાં એને

પાળવામાં આવતી હતી. અસ્તુ. આ સ્મૃતિને માનવના આદિ પૂર્વજ મનુની રચના કેવી રીતે કહી શકાય ?

પ્રાચીન આર્ય પુરુષોને નામે ચઢેલી સ્મૃતિઓમાં આચાર્યપ્રવરોની અજ્ઞાનતા અને મોહાંધતા એવી ને એવી જ સુરક્ષિત રહી છે. જીવિકાનું આરક્ષણ, સંતાનમોહ, પોતાની શ્રેષ્ઠતાનું સંરક્ષણ ઇત્યાદિ. પરંતુ ભારત સ્વતંત્ર થયું કે તરત જ વંશાનુગત આરક્ષણ સમાપ્ત થઈ ગયું. શિક્ષકનો પુત્ર શિક્ષક જ થાય કે વૈદ્યનો પુત્ર વૈદ્ય જ થાય એવું કંઈ રહ્યું નહિ. સ્મૃતિઓ અનુસાર જેમને ઝાડ નીચે જ રહેવું પડતું હતું કે ઠીકરામાં જ ખાવું પડતું હતું તે વાત પૂરી થઈ ગઈ. એમને આરક્ષણ મળી ગયું. વાઇસ ચાન્સલેરની ઉપર ચાન્સલેરનો હોદ્દો મળવા લાગ્યો. આચાર્ય પરંપરાવાળા માટે કોઈ અલગ કોટા રહ્યો નહિ. સ્મૃતિઓની આ પરંપરા લગભગ તૂટી ગઈ છે. આ ધર્મ નહોતો. આ તો સામાજિક વ્યવસ્થાનો એક નિયમ હતો. સ્મૃતિઓ સમાજને ચલાવવા માટે એક આચારસંહિતા હતી. એ કંઈ ધર્મશાસ્ત્ર તો નહોતું જ !

અમે સાંભળ્યું છે કે વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ સમયસર પહોંચી જાય છે, પરંતુ ત્યાં કોઈ જાતનું શિક્ષણ મળતું નથી. કોઈક અધ્યાપકો તો બહાર ચા-પાનની દુકાનો પર બેઠા રહેતા હોય છે. એ ધીરેથી કહી દે છે, 'અમારું ટ્યૂશન રાખો. અમારે ઘરે આવો !' આમ જ બધે ચાલે છે. શું છે આ બધું ? અંગૂઠો લઈ લેવો એ કદાચ, ક્ષમ્ય ગણાય, પરંતુ જે બાળકને તમારા સંરક્ષણ નીચે સોંપવામાં આવ્યો હોય એનું તો જીવન જ તમે નષ્ટપ્રાય કરી નાખો છો, એનું શું ? આચાર્યોની પરંપરા આજદિન સુધી એવી ને એવી જ રહી છે. ક્યાંય પણ ફેર નથી પડ્યો. એ લોકો કંઈ પણ કહી શકે છે, કંઈ પણ લઈ શકે છે. આ જાતિવાદ નથી અને આજે પણ આચાર્યના ઉક્ત કૃત્યને જાતિવાદની સંજ્ઞા કદાપિ આપી શકાય નહિ !

## સદ્‌ગુરુ (ધર્મગુરુ)

મહાપુરુષોની દૃષ્ટિમાં ઊંચ-નીચ કે છૂત-અછૂતનો પ્રશ્ન ક્યારે પણ ઉદ્‌ભવતો નથી. વિશ્વનો કોઈ પણ કીર્તિમાન એનાથી ભોળવાતો નથી. એ તો કોઈ ભટકી ગયેલા આત્માને સત્યના પથ પર, સન્માર્ગ પર લાવવામાં જ વ્યસ્ત હોય છે. એમને માટે ન્યાત-જાત હોતાં જ નથી. તમે કયા ધંધામાં પ્રવીણ છો કે ક્યાં તમને મુશ્કેલી નડે છે, એની સાથે એમને કોઈ લેવા-દેવા હોતી જ નથી. એમની દૃષ્ટિ તો વ્યક્તિની મનોદશા અને મનોસ્થિતિ પર જ હોય છે.

ભગવાન બુદ્ધ એક વાર ભિક્ષાટન માટે જઈ રહ્યા હતા. રસ્તામાં એક હરિજન માથા પર મેલાનો ડબ્બો ઊંચકીને જઈ રહ્યો હતો. મેલું એના માથા પર થઈને ખભા પર પડી રહ્યું હતું એણે ભગવાનને જોયા. એમને જોઈને એ ઝાડીઓમાં સંતાઈ ગયો. બુદ્ધ એની પાછળ ગયા. એણે એની ઝડપ વધારી. ભગવાન બુદ્ધ પણ એની પાછળ ઝડપથી ચાલવા લાગ્યા. આ જોઈને એ દોડવા લાગ્યો. બુદ્ધે એનો પીછો કર્યા જ કર્યો. આખરે એક નદીને કિનારે એ પહોંચી ગયો. કિનારા

પર જે ઝાડી હતી તેમાં મેલાનો ડબ્બો ફેંકી નદીમાં કૂદી પડ્યો. બુદ્ધ પણ નદીમાં ઊતર્યા. પેલા હરિજનને તરતા તો આવડતું નહોતું. થોડેક દૂર જઈ એ નદીના પાણીમાં ઊભો રહી ગયો. 'ભગવાન્, મને અડકશો નહિ. હું અછૂત છું, નીચ છું. અભાગી છું. મને અડકશો તો આપ અપવિત્ર થઈ જશો. બુદ્ધે કહ્યું, 'વત્સ, હું અપવિત્ર નહિ થઈ જાઉં. તને કોઈ આફત પણ નહિ પડે !' નિરુપાય થઈ એણે કહ્યું, 'ભગવન્ મને કઈ આફત નડવાની છે ?'

તથાગતે શિષ્યોને કહ્યું, 'આને પકડીને નવડાવો. એને ભિક્ષુ બનાવી દો !' આનંદ ઇત્યાદિ વરિષ્ઠ શિષ્યો પણ એમની સાથે હતા. એમણે ગુરુદેવની આજ્ઞાનું પાલન કર્યું. એને નવડાવ્યો. નવાં વસ્ત્રો પહેરાવ્યાં, ભિક્ષાપાત્ર આપ્યું. એ મહામાનવ બુદ્ધે કહ્યું, 'આજથી તું બૌદ્ધ ભિક્ષુ છે. સત્ય-શોધક છે !'

અનેક રાજ્યોમાં આ સમાચાર વીજળીવેગે ફેલાઈ ગયા. ગૌતમ બુદ્ધે એક નીચ અછૂતને પોતાનો શિષ્ય બનાવ્યો ! કોશલરાજ પ્રસેનજિતને લોકોએ ફરિયાદ કરી, 'અનર્થ થઈ ગયો, મહારાજ ! એક અછૂતને ધર્મનો ઉપદેશ આપ્યો !' રાજાએ કહ્યું, 'હું પોતે આની તપાસ કરીશ !' તારીખ નક્કી થઈ ગઈ. ત્રણ મહિના પછી પૂર્ણિમાના દિવસે રાજા ખુદ તપાસ કરશે ! આ બાજુ ભગવાન બુદ્ધે શિષ્યોની એક સભા બોલાવી. પ્રશ્ન એ ઊભો થયો હતો કે આનું સમાધાન શું ? બુદ્ધના શિષ્યોમાં વરિષ્ઠ શિષ્ય સારિપુત્ર હતા. એ સારિપુત્રે કહ્યું, 'ભગવન્, આપણે ઉત્તર આપવાની કોઈ આવશ્યકતા જ નથી, આનો ઉત્તર તો એ સ્વયં જ આપશે !' બુદ્ધે પૂછ્યું, 'આ કેવી રીતે શક્ય છે ?' સારિપુત્રે જવાબ આપ્યો, 'એને એટલું શિક્ષણ આપવામાં આવે કે એ સ્વયં જ રાજાના પ્રશ્નોનું સમાધાન કરે !' ભગવાન બુદ્ધે કહ્યું, તો ભલે, આ જવાબદારી હું તને સોંપું છું.' સારિપુત્રે પેલા અછૂતને શિક્ષણ આપવા માંડ્યું.

ત્રણ મહિના વીતી ગયા અને રાજા પધાર્યા. આશ્રમના મુખ્ય દ્વાર પર પીપળાનું એક ઝાડ હતું. એ ઝાડના ચબૂતરા પર એક ભિક્ષુ બેઠા હતા. પચાસ-સો જેટલા ગૃહસ્થો તથા કેટલાક ભિક્ષુઓ શાંતચિત્તે કથા શ્રવણ કરી રહ્યા હતા. ખૂબ જ સંયમિત વાણીમાં એ ભિક્ષુ તથ્યપૂર્ણ નિર્દેશન કરી રહ્યા હતા. પ્રસેનજિત ત્યાં ઊભા રહી ગયા. પાંચેક મિનિટ એમણે પણ પ્રવચન સાંભળ્યું. એમને વિચાર આવ્યો પહેલાં તથાગતને પ્રણામ કરી લઉં અને પછી ફરીથી કથાશ્રવણ કરીશ. કથા તો ઓજસપૂર્ણ અને ઉપયોગી લાગે છે. એમણે બુદ્ધને પ્રણામ કર્યા અને નિવેદન કર્યું, 'ભગવન્, આ નવા ભિક્ષુ કોણ છે ? એમને પહેલાં તો અમે ક્યારેય જોયા નથી. એમનો ચહેરો સૌમ્ય છે, વાણીમાં તેજ છે, નિર્ણય તર્કપૂર્ણ છે !' ભગવાન બુદ્ધે જવાબ આપ્યો, 'રાજન્, જેની તપાસ કરવા આપ આવ્યા છો એ જ આ ભિક્ષુ છે !' પ્રસેનજિતે કહ્યું, 'ભગવન્, અછૂત અને આ સ્થિતિ પર ?! આશ્ચર્ય થાય છે !' ગૌતમે સમજાવ્યું, 'રાજન્, આ સંસારમાં જીવન જીવવા માટે અનેક પ્રકારનાં સાધનો હોય છે ! હકીકતમાં એ ન તો હરિજન

હતો, ન તો અસ્પૃશ્ય હતો, ન તો અધમ હતો ! એ તો એક માનવી હતો જે એ પરિસ્થિતિમાંથી ગુજરી રહ્યો હતો. સત્પુરુષોનું સાન્નિધ્ય મળ્યું અને આજે એનામાં અને સારિપુત્રમાં કોઈ તફાવત નથી !' એ અછૂતની તો પછી બુદ્ધના સારા શિષ્યોમાં ગણના થવા લાગી. ગરીબ માણસ સેવા કરે છે તો પ્રાણની પણ પરવા કરતો નથી. મહાપુરુષોમાં આવી ભાવના જ નથી હોતી કે શૂદ્રને નહિ ભણાવીએ કે ક્ષત્રિયને નહિં શીખવીએ ! કોઈ પણ વ્યક્તિ સામે આવીને ઊભી રહે અને એનો જેવો સ્તર હોય તે પ્રકારનું માર્ગદર્શન મહાપુરુષો આપે જ છે. મહાત્મા સમદર્શી તો હોય છે જ, પરંતુ વ્યક્તિને એના સ્તરથી પણ ઉપર ઉત્કર્ષ કરવા પ્રેરે છે. અને આથી એ સમવર્તી પણ હોય છે : **अमित रूप प्रकटे तेहिं काला । जथा जोग मिले सबहिं कृपाला ।**

મહાભિનિષ્ક્રમણથી લઈને બોધિસત્ત્વની પ્રાપ્તિ પછી પણ ગૌતમ બુદ્ધ એમને ઘેર ગયા નહિ તેથી એમના પિતા શુદ્ધોદને મંત્રીઓ દ્વારા એમને સંદેશ મોકલ્યો : 'તમારે માટે તો સંસારનાં સર્વ પ્રાણીઓ સ્વજન છે તો અમે શું પરાયાં છીએ ? એક વાર અમારે આંગણેથી પણ ભિક્ષા-ગ્રહણ કરો ને !' બુદ્ધ ભગવાને આ નિમંત્રણનો સ્વીકાર કરી લીધો. પ્રત્યુત્તરમાં કહ્યું, 'રાજન્, એક દિવસ અમે જરૂર આપને દ્વારે ભિક્ષા લેવા આવીશું !' થોડાક મહિના પછી બુદ્ધે એમના ભિક્ષુઓને કહ્યું, 'ભિક્ષુઓ કેટલાય દિવસથી રાજાનું નિમંત્રણ પળાતું નથી. ચાલો, આજે આપણે રાજાના મહેલ પર ભિક્ષા લેવા જઈએ !' મહેલમાં સૂચના અપાઈ ગઈ. રાજસેવકોને સંદેશો મળતાં જ ઘેલા થઈ ગયા હતા. 'હવે કુમાર અહીં સુધી પહોંચ્યા હશે... હવે બાગ સુધી આવી ગયા હશે... હવે ગામની નજીક આવી પહોંચ્યા હશે...' નિપુણ કારીગરો દ્વારા મહેલને સજાવવામાં આવ્યો. કુંવારી કન્યાઓ મહેલ સામે મંગળકળશ લઈને ઊભી રહી ગઈ. રંગબેરંગી ધજા-પતાકાઓના તોરણોથી સંપૂર્ણ નગર સુશોભિત થઈ ગયું હતું. મુખ્ય અધિકારીઓ અને મંત્રીઓ સાથે રાજા મુખ્ય દ્વાર પર સ્વાગત કરવા ઉપસ્થિત હતા.

મુખ્ય દ્વાર હજુ થોડું દૂર હતું અને બુદ્ધે કહ્યું, 'ભિક્ષુઓ, ભિક્ષાનો તો સમય થઈ ગયો ને ? ભિક્ષુઓએ સમર્થન કર્યું. 'હા, ભગવન્, સમય તો થઈ ગયો !' બુદ્ધે કહ્યું, 'તો પછી ભિક્ષા કરી લઈએ ! મહારાજે તો કંઈ આજનું નિમંત્રણ આપ્યું નથી ! ફરી કોઈક વાર મહારાજને ત્યાંથી ભિક્ષા લઈશું !' ભિક્ષુઓ સંકેત સમજી ગયા. તરત જ નગરની શેરીઓમાં ભિક્ષા માટે ફરવા લાગ્યા. બુદ્ધ પણ એક ઝૂંપડી તરફ ગયા. 'ભિક્ષાં દેહિ !' બુદ્ધે કહ્યું. એક વૃદ્ધ હરિજન સ્ત્રી ઝૂંપડીમાંથી બહાર આવી. જોતાં જ સહસા બોલી, 'રાજકુમાર, આપ ? મારાં અહોભાગ્ય ! આપ બાળક હતા ત્યારે આપની શય્યા પાસે હું જ રહેતી અને આપની સેવા કરતી ! મારું નામ આ છે ! હું તો હરિજન છું; ભગવન્ આપે અહીં નહોતું આવવું જોઈતું.' બુદ્ધે કહ્યું, 'માતા, મેં ન્યાત-જાત તો પૂછી નથી. માત્ર ભિક્ષા માગી છે. તમે એક ભિક્ષુને ભિક્ષા નહિ આપો, શું ?'

એ વૃદ્ધાની આંખો આંસુથી છલકાઈ ગઈ. એના જીવનમાં આટલા પ્રેમથી એની સાથે કોઈ બોલ્યું નહોતું. એ ગરીબ બાઈ પાસે થોડાક શેકેલાં બટાટાના કટકા હતા. એણે એ ટુકડા બુદ્ધના ભિક્ષાપાત્રમાં ઠાલવી દીધા. બુદ્ધ એ બટાટાના ટુકડાં ખાતાં ખાતાં આગળ ચાલ્યા. રાજા શુદ્ધોદન ગુસ્સામાં કાંપી ઊઠ્યા. એમને અંગે અંગે ઝાળ લાગી ગઈ. એ બોલ્યા, 'આ બધું શું છે ?' ભગવાન બુદ્ધે કહ્યું, 'મહામહિમ, આ મારી વંશપરંપરાનું પાલન થઈ રહ્યું છે.' શુદ્ધોદને પૂછ્યું, 'વંશ એટલે ? તમે શું કહેવા માગો છો ? મારા વંશ સાથે જ તમે જોડાયા છો !' બુદ્ધે કહ્યું, આપની ભૂલ થાય છે. અમારો વંશ પરમહંસોનો વંશ છે. સત્પુરુષોનો વંશ છે. અરિહંત-કૈવલ્યપદ જેમણે પ્રાપ્ત કર્યું છે તે તથાગત તત્ત્વદર્શીઓનો વંશ છે ! રાજન્, શરીર તો ક્યાંય પણ જન્મ લે. અમારો શુદ્ધ વંશ તો એ છે જ્યાં મારું સ્વરૂપ મને પ્રાપ્ત થયું છે. રાજન્, અમારા વંશની આ જ પરંપરા છે. અમે તો શ્રીમંતને પણ મળીએ અને અકિંચનને પણ મળીએ. પ્રત્યેક પાસેથી ભિક્ષા લઈએ. એમના સુખદુઃખને જાણીયે. જેનું જે સ્તર હોય તેનો વિકાસ કરવામાં મદદ કરીયે ! એમનું કલ્યાણ વાંછીયે અને કરીયે. આવા મહાપુરુષો દ્વારા સદા સર્વદા કલ્યાણ જ પ્રાપ્ત થાય છે ! રાજા માથું પકડી બેસી ગયા. એમણે તો વિચાર્યું હતું કે કુમાર મહેલ પર આવશે ત્યારે યેન કેન પ્રકારેણ એને સમજાવી-ફોસલાવી એમનો રાજ્યાભિષેક કરી નાખીશું. પરંતુ આ તો દલિતો અને અસ્પૃશ્યોને ત્યાં ભોજન પણ કરવા લાગ્યાં છે.

સિદ્ધાર્થની પત્ની મહારાણી યશોધરાએ પુત્ર રાહુલને કહ્યું, 'આ તારા પિતાજી છે. એમની પાસે પૈતૃક સંપત્તિ માગ !' રાહુલે બુદ્ધને સાદર પ્રણામ કર્યા અને પૈતૃક સંપત્તિની યાચના કરી. બુદ્ધ આછું આછું મલક્યા અને રાહુલને પૂછ્યું, 'વત્સ, તું ખરેખર પૈતૃક સંપત્તિ લેવા માટે તૈયાર છે ?' રાહુલે સ્વીકાર કર્યો કે એ તૈયાર છે. બુદ્ધે કહ્યું, 'માની અનુમતિ લઈ લે !' પુત્રે માને પૂછ્યું એને પ્રસન્નતા થઈ. એને લાગ્યું કે રાજ્ય-સીમા, દુર્ગ-વ્યવસ્થા, સૈન્ય-સંચાલન, કોષ-સુરક્ષા, ઇત્યાદિ સમજાવવામાં ત્રણેક મહિના જેટલો સમય તો લાગી જશે. એટલા સમયમાં તો રાજકુમારનું મન ફેરવી શકાશે. એણે કહ્યું, 'કહે, અનુમતિ છે !' રાહુલે આ વાતનો ત્રણ વાર સ્વીકાર કર્યો તો બુદ્ધે કહ્યું, ઘરમાં કોઈ વડીલ હોય તો એને પણ પૂછી જો !' રાજાને થયું કે પુત્રને જોઈને કુમાર સુધરતાં જાય છે. એમણે પણ સંકેતમાં 'હા' પાડવાનું કહ્યું. આખરે બુદ્ધે રાહુલને પૂછ્યું, 'તું પછી ના તો નહિ પાડેને ?!' રાહુલે કહ્યું, 'ના, કદાપિ નહિ !' રાહુલ પાસેથી એમણે ત્રણ વચન લીધાં પછી કહ્યું, 'આનંદ ! આ બાળકને ભિક્ષુની દીક્ષા આપી દો ! તારા પિતાએ આ જ સંપત્તિ અર્જિત કરી છે. આ એ સંપત્તિ છે જે સ્થિર છે, અક્ષુણ્ણ છે, તારું પોતાનું ધન છે. આ સંપત્તિ પ્રાપ્ત કરી લીધા પછી આત્મા સદા સર્વદા માટે તૃપ્ત થઈ જાય છે !' રાહુલે પોતાની જાતને સમર્પિત કરી દીધી. માતાથી ન રહેવાયું, પિતામહ બેભાન થઈ ગયા. પરંતુ રાહુલે કહ્યું, 'ના, હવે

નહિ ! ત્રણવાર માતાએ કહ્યું. દાદાજીએ પણ સંમતિ આપી. મેં પણ વચન આપ્યું છે. હવે જે થાય તે હું પાછા પગ નહિ કરું !' રાહુલે પ્રદીક્ષા લઈ લીધી. આ છે એ સદ્‌ગુરુ, ધર્મગુરુ, એમણે ધર્મને જાણ્યો છે, ઓળખ્યો છે ! એમને પુત્રમોહ નથી. એક તરફ આચાર્ય દ્રોણ - જેમણે એક ગાય માટે કેટલો ઉધમાત કર્યો. અશ્વત્થામાને માથે મુકુટ પહેરાવીને કેટલા હર્ષાન્વિત થયા. અને બીજી તરફ છે આ મહામાનવ બુદ્ધ, જેમણે પરંપરાથી પ્રાપ્ત મુકુટ પુત્રના માથેથી ઊતરાવી નાખ્યો અને એને ભિક્ષુ બનાવી દીધો. પરમાત્મા કોઈ કોરી કલ્પના નથી. એમ હોત તો બુદ્ધ પોતાના પુત્રને ભિક્ષુ શા માટે બનાવત ? જે મહાપુરુષે પ્રાપ્તિ કરી છે એ કોઈને પણ ભટકવા દેતા નથી. એ શું પોતાના પુત્રને ભટકવા દે ?

ગુરુ નાનક પણ એક એવા મહાપુરુષ હતા જેમણે મહાન સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. એમના ગૃહસ્થજીવન દરમિયાન એમને બે પુત્રો હતા. જ્યેષ્ઠ પુત્ર શ્રીચંદજી ત્યાગી હતા, મહાપુરુષ હતા. એમણે અવિનાશીજીનું શિષ્યત્વ ગ્રહણ કર્યું હતું. એમણે જ ઉદાસીન સંપ્રદાય સ્થાપ્યો. આનો અર્થ એ નહિ કે એ કોઈ અલગ મતના પ્રવર્તક હતા. ઈશ્વર તો એક છે. એને મેળવવાની સાધનપ્રવૃત્તિ પણ એક- સમાન છે. આ મહાપુરુષના અનુયાયીનો સમાજ ઉદાસીન સંપ્રદાય તરીકે ઓળખાયો. બીજા પુત્ર લક્ષ્મીચંદજી એશઆરામી હતા. એમની ઇચ્છા હતી કે ગુરુજીની ગાદીનો ઉત્તરાધિકાર પોતાને મળે ! ગુરુને એમનાં વર્તાવ અને હલનચનલ પરથી જ એમની ઇચ્છાનો પૂર્વાભાસ આવી ગયો હતો.

એક દિવસ ગુરુજીએ જંગલમાં ભ્રમણ કરવા જવાનો પ્રસ્તાવ એમના શિષ્યો સમક્ષ મૂક્યો. ગાત્રો ગળી જાય એવી ઠંડી પડતી હતી. બધા જ શિષ્યો ભ્રમણ કરી રહ્યા હતા; એવામાં એક કઠિયારો માથા પર ભારેખમ લાકડીઓનો બોજો મૂકી માંડ માંડ અને ધીરે ધીરે ચાલતો હતો. ગુરુ નાનકે કહ્યું, 'અરે, આ તો ભારે કષ્ટ ભોગવી રહ્યો છે ! એના માથાનો બોજો એના ઘરે પહોંચાડી આવો !' જેની સામે જોઈને ગુરુજી આ વાક્ય બોલ્યા હતા તે પાછળ જોવા લાગ્યો. લક્ષ્મીચંદ સામે સંકેત કર્યો તો એ પણ પાછળ બીજા શિષ્યો તરફ જોવા લાગ્યો અને એમની પાછળ સંતાવા લાગ્યો. ગુરુજીની દૃષ્ટિ અંગદદાસ પર પડી. માત્ર દૃષ્ટિ જ પડી હતી, આજ્ઞા તો કોઈ અપાઈ નહોતી અને છતાં પણ અંગદદાસ દૃષ્ટિનો મર્મ પારખી ગયા. એ તરત જ સમૂહમાંથી બહાર આવ્યા, ગુરુજીને સાદર પ્રણામ કર્યા અને કઠિયારો આનાકાની કરતો રહ્યો, કારણ એને ક્ષોભ થતો હતો, અંગદદાસે એના માથા પરથી બોજ પોતાને શિરે લઈ લીધો, કઠિયારાના ઘર સુધી પહોંચાડી દીધો અને પાછા ફરી ગુરુજીનાં ચરણોમાં મસ્તક નમાવી દીધું.

સંધ્યાકાળે ગુરુ નાનકે ભક્તોની એક સભા બોલાવી. ભક્તોને સંબોધી એમણે કહ્યું, 'જુઓ, આ ગાદી ભોગ ભોગવવા માટે નથી. બીજાના શિરનો ભાર જે પોતાના મસ્તક પર ઉઠાવી લે, એને માથા પર રાખી એના ઘર સુધી પહોંચાડી દે એવી ક્ષમતા જેનામાં છે એને જ આ ગાદી પર બેસવાનો અધિકાર

છે. આજથી અંગદદાસ આ ગાદીના ઉત્તરાધિકારી છે અને તમારા સર્વના ગુરુ પણ છે !' એમણે નારિયેળ અને પતાસા ચાદરમાં મૂકી એ ચાદર અંગદદાસને સમર્પિત કરી. પોતે મક્કા-મદીના તરફ ભ્રમણ કરવા ચાલ્યા ગયા. ગુરુએ પુત્રની ઉપેક્ષા કરી પરંતુ યોગ્ય ઉત્તરાધિકારીને પસંદ કરી પોતાની ગાદી સોંપી !

મહાપુરુષો કોઈનો પ્રાણ નથી લેતા, કોઈનો અંગૂઠો નથી માગતા, કોઈની મર્યાદા સાથે એમને કશીય લેવા-દેવા હોતી નથી. 'साधु ते होई न कारज हानी ?' એમનાથી કોઈનું અનિષ્ટ તો ક્યારેય થતું જ નથી. ગોસ્વામી તુલસીદાસજી કહે છે, 'संत हृदय नवनीत समाना । कहा कविन्ह पर कहइ न जाना ॥ निज परिताप द्रवइ नवनीता । पर दुःख द्रवहिं सन्त सुपुनीता ॥' પરહિત કરવું એ સંતોનો સ્વભાવ છે ! આટલું જ નહિ. 'खल सब इव पर बन्धन करई । खाल कढ़ाइ विपति सहि मरई ॥ भूर्ज तरु सम सन्त कृपाला । परहित नित सह विपति विशाला ॥ સંત તો પરહિત માટે પોતાની ચામડી પણ ભોજપત્રની જેમ ઉતરાવવા તૈયાર હોય છે. એમનાં પદચિહ્નોનું અનુસરણ કરવું એ ધર્માચરણ કરવા બરોબર છે ! સત્યને ધારણ કરનાર આ જ સદ્ગુરુ છે, ધર્મગુરુ છે !

એક વાર દેવરાજ ઇન્દ્ર ખૂબ ગભરાયેલી અવસ્થામાં દધીચિ પાસે ગયા. ખૂબ કાકલૂદીભર્યા સૂરમાં કહ્યું, 'ભગવન્, મારું ઇન્દ્ર પદ તો ગયું. અને હવે તો જીવન પણ અકારું થઈ ગયું છે. વત્રાસુર રાક્ષસ કોઈ ઉપાયે મરતો જ નથી. આપ હવે દયા કરો !' દધીચીએ પૂછ્યું, 'દેવેન્દ્ર, તમારું હિત કયા પ્રકારે થશે ?' દેવેન્દ્રે સવિનય કહ્યું, 'ભગવન્, આપના અસ્થિ આપો ! આપની તપશ્ચર્યાથી પવિત્ર થયેલાં આ અસ્થિઓનો માર એ રાક્ષસ સહન નહિ કરી શકે ! એનો વધ કરવા માટે આ સિવાય કોઈ બીજો ઉપાય મને દેખાતો નથી !' દધીચીએ કહ્યું, 'જો બધાંનું હિત આમાં સમાતું હોય તો અસ્થિઓ લઈ લો !' એમણે એમના પ્રાણનો ત્યાગ કર્યો, એમનાં અસ્થિઓમાંથી વજ્ર બનાવાયું અને એ વજ્ર દ્વારા વત્રાસુરનો સંહાર કરવામાં આવ્યો. આમ, અવસર આવ્યે, મહાપુરુષો પોતાના શિષ્યો માટે પ્રાણ આપી દેવા પણ અચકાતા નથી.

ભગવાન મહાવીરે પણ શિષ્યોના કલ્યાણ માટે પોતાના આ લોકની લીલા સંકેલી લીધી હતી. એમના જીવનકાળ દરમિયાન જ એમના લગભગ ત્રીસ હજાર જેટલા વિરક્ત શિષ્યો હતા. એમનો એક શિષ્ય - ગોશાલ-સિદ્ધિ પામી ચૂક્યો હતો. પરંતુ એને મહાવીરના ચરણો માટે એટલો તો પ્રેમ હતો કે એ એમની સેવા કર્યા જ કરતો હતો.

ભગવાનની ઇચ્છા હતી કે ગોશાલ એકાંત સેવે અને સાધના ચાલુ રાખે. એક દિવસ એમને વિચાર આવ્યો કે હજુ થોડી ઊણપ છે એ પૂરી કરી નાખે, પરંતુ એ ભટકી રહ્યો છે, સમજાવાથી પણ સમજતો નથી. એમને ગોશાલને બોલાવ્યો અને કહ્યું, 'ભિક્ષા માટે જાવ !' એક બાજુ ગોશાલ ભિક્ષા માટે નીકળ્યો અને બીજી બાજુ ભગવાન પોતાના શિષ્યોને કંઈક નિર્દેશ કરી સૂઈ ગયા ! પછી

તો એ ઊઠ્યા જ નહિ. એમણે શરીરનો ત્યાગ કરી દીધો હતો. ભિક્ષા લઈ શિષ્ય પાછો ફર્યો. સમાચાર જાણી ખૂબ રુદન કર્યું. કલાકો સુધી એનું રડવાનું ચાલુ જ હતું. એણે પૂછ્યું, 'ગુરુદેવે કંઈ અંતિમ સંદેશ આપ્યો છે ?' એના સતીર્થોએ કહ્યું, 'હા, ગુરુદેવે કહ્યું છે કે તને સિદ્ધિ વરી છે. હવે પાણીમાં છબછબિયાં ન કર. ધ્યાન-સાધના કર અને પરમસિદ્ધિને પામ !' ગોશાલને મોહ ઉત્પન્ન થાય એવું ગુરુદેવનું પાર્થિવ શરીર તો રહ્યું નહોતું. સાધના જ કરવાની હતી. એ શાંત એકાંત શોધી ચિંતનમાં લાગી ગયો. પંદર-વીસ દિવસોમાં એને કૈવલ્ય-પદ પ્રાપ્ત થઈ ગયું. ભગવાને વિચાર્યું હતું કે થોડીક કચાશ માટે આ ગરીબ માણસને બે-એક જન્મ લેવા પડે તો પછી એની કલ્યાણ-કામના માટે હું મારા શરીરનો જ ઉત્સર્ગ કાં ન કરી નાખું ?!

ભગવાન મહાવીરે ચોવીસ જન્મો લીધા હતા એવો ઉલ્લેખ મળે છે. પ્રથમ તો એ લાકડા કાપનાર સામાન્ય કઠિયારા હતા. કોળી અને ભીલની જેમ રહેતા અને વર્તતા. એમની દૃષ્ટિ એક સંત પર પડી. કલાકો સુધી એ સંતને નીરખતા રહ્યા, જોતા રહ્યા. એના વિષે જ ચિંતન કરતા રહ્યા. આ પુણ્યના બળે બીજા જન્મમાં એમણે બે સંતોને ભિક્ષા પીરસી. આ પુણ્યના જોરે ત્રીજા જન્મમાં વિધિસર ઉપદેશ સાંભળ્યો. આ પુણ્ય જાગ્યું એટલે ચોથા જન્મમાં એ સંત બની ગયા. પછી તો એ બ્રાહ્મણ તરીકે પણ જન્મ્યા. એક વાર એ નરકની યાત્રા પણ કરી આવ્યા. એક વાર વાઘનો પણ અવતાર પામ્યા. ક્યારેક ઉત્તમ કોટીના દંડક પણ બન્યા અને અંતે ચોવીસમા અવતારમાં એ તીર્થંકરરૂપે પ્રગટ્યા. આ તીર્થંકર એટલે પોતે તો પવિત્ર ખરા પણ અન્યને પણ પાવન કરવાની ક્ષમતાવાળા ! એ અરિહંત પણ કહેવાયા. અરિહંત એટલે પોતે તો શત્રુઓથી મુક્ત પણ સાથોસાથ બીજાઓને પણ શત્રુથી મુક્ત કરવાવાળા ! એ મહાપુરુષના રૂપમાં પરિવર્તિત થઈ ગયા. એમણે પોતાનો કોઈ અલાયદો ધર્મ ફેલાવ્યો હોય એવી કોઈ વાત નથી. ગીતા-પ્રેર્યો જે ધર્મ છે તે જ ધર્મ મહાવીરે પ્રેર્યો છે. - आत्मशुद्धि कारणात् धर्म । ધર્મનું કાર્ય છે આત્માની શુદ્ધિ કરવાનું. એક રાજાએ એમને પૂછ્યું હતું, 'કેવી રીતે શુદ્ધ થાય આ આત્મા ?' એમણે કહ્યું હતું, 'दर्शन ज्ञान चरित्राणि ।' તીર્થંકર મહાપુરુષોનું દર્શન, એમના દ્વારા ઈશ્વરની ઓળખનું જ્ઞાન, એના અનુરૂપ તપ તથા આચરણ દ્વારા ચરિત્રનિર્માણ - ધર્મનો સારાંશ માત્ર આટલો જ છે. જેમણે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે સર્વ મહાપુરુષ તીર્થસ્વરૂપ છે.

'जड़ चेतन मग जीव धनेरे । जिन्ह चितये प्रभु जिन्ह प्रभु हेरे ॥ ते सब भये परम पद जोगू । भरत दरस मेटा भव रोगू ॥ (રામચરિત માનસ અયોધ્યાકાંડ, દોહા ૨૧૬/૧-૨) જડ-ચેતન જે કોઈએ પણ પ્રભુનાં દર્શન કર્યાં એ પરમપદનો અધિકારી બની જાય છે. માનો કે એણે દર્શન ન કર્યા અને હરિની દૃષ્ટિ એના પર પડી ગઈ તો એ પણ પરમપદનો અધિકારી બની જાય છે. રામનાં દર્શનથી એ પરમપદનો અધિકારી બની જાય છે. કદાચિત્ ભરત જેવું જ્ઞાન પ્રાપ્ત થઈ જાય

તો ભવરોગ મટી જાય છે ! પ્રથમ અનુભૂતિની જાગૃતિમાં વિજ્ઞાનરૂપી રામ ! આ જાગૃતિની સાથે પરમપદનો સૂત્રપાત થઈ જાય છે. સાધના જાગ્રત થઈ જાય છે અને જો સાધક ભાવપૂર્ણ હૃદયથી એમાં લાગી જાય, નંદીગ્રામમાં, તો ભવનો રોગ ફીટી જાય છે. હૃદય ગુફા છે, ચિંતન પાદુકા છે, ધ્યાન લગાવી ચિંતન કરવું જોઈએ. ઉત્તમ સાધક તો એ છે જે આ જન્મમાં, આ શરીરે, આ જ આંખો દ્વારા એ પ્રભુનાં દર્શન કરી લે ! આ જ સદ્ગુરુ છે જે જાગૃતિ પ્રદાન કરે છે. આ જ છે વાસ્તવિક ધર્માચાર્ય ! આ સત્પુરુષોનાં ચરણોનું અનુસરણ જ ધર્માચરણ છે. સામાજિક વ્યવસ્થાકારોએ જે વ્યવસ્થા પ્રવર્તિત કરી હોય તે ધર્મ નથી. એ તો માત્ર આજીવિકાનું સાધન છે, સુખમય જીવન જીવવા માટેનું એક સાધન છે.

આવા સદ્ગુરુ કોઈનો અંગૂઠો નથી માગી લેતા. આદિગુરુ હતા ભગવાન શિવ ! યોગ અનાદિ છે. માનવમાત્ર માટે યોગને ભગવાન શિવે સુલભ બનાવ્યો. એમનું એક નામ ભૂતનાથ પણ છે. ભૂત એટલે પ્રાણી ! ભગવાન શિવ પ્રાણીમાત્રના શરણધામ છે. એ આશુતોષ પણ છે અને વરદાન આપવામાં જરાય આનાકાની કરતા નથી. એમનો એક ભક્ત હતો. આ ભક્ત અસુર હતો. એણે ભગવાન શિવની તપસ્યા કરી. ભગવાન શિવે કહ્યું, 'વત્સ, વર માગ !' અસુરે કહ્યું, 'જેના માથા પર હું હાથ ફેરવું એ ભસ્મ થઈ જાય !' શંકરજીએ પોતે હાથમાં પહેરેલું કડું કાઢી પેલા અસુરને આપી દીધું. નારદજી દૂરથી આ દૃશ્ય જોઈ રહ્યા હતા. એમણે વિચાર્યું, 'આ અસુર આ શક્તિનો દુરુપયોગ કરી સમાજનું ઘણું જ અહિત કરશે !' આ શક્તિનો નાશ કરવાનો ઉપાય એમણે મનમાં જ વિચારી લીધો. પેલા અસુર પાસે જઈ એમણે કહ્યું, 'અસુરરાજ, તમારા જેવી તપસ્યા આજદિન સુધી કોઈએ કરી નથી અને તમારા જેવું વરદાન પણ આજ સુધી કોઈ પામ્યું નથી ! તમે તો અજેય થઈ ગયા. હવે, આપનો ઇરાદો શો છે ? એણે કહ્યું, 'પ્રથમ તો ઇન્દ્રનો વધ કરીશ. એના સિંહાસન પર બેસીશ. મને અનુકૂળ આવે એવી ખૂબ જ સુંદર સ્ત્રીને મહારાણી બનાવીશ !' નારદજીએ સૂચન કર્યું, 'જુઓ શંકરજીના વામ ભાગમાં ત્રૈલોક્ય સુંદરી તો બેઠી છે !' અસુરે કહ્યું, 'એમણે તો વરદાન આપ્યું છે. આવી કૃતઘ્નતા આચરું ?' નારદે કહ્યું, 'શક્તિ તો કડામાં છે. હવે એમની પાસે શક્તિ રહી છે જ ક્યાં ? એ પોતે જ સમાપ્ત થઈ જશે પછી ક્યાં કોઈને કહી શકશે કે એને શક્તિશાળી બનાવનાર કોણ છે ? અને વળી વરદાન સાચું આપ્યું છે કે તમારી સાથે બનાવટ કરી તમને મૂર્ખ બનાવ્યા છે એની પરીક્ષા પણ થઈ જશે !' હવે આગળ ભાગે છે ભોળાનાથ અને એનો પીછો કરી રહ્યો છે ભસ્માસુર ! ભગવાનને વિચાર આવ્યો, 'આ ભોળાનાથ પણ કમાલ છે ને ! કોણ જાણે કેવાં કેવાં વરદાન આપી દે છે !' એમણે મોહિનીનું રૂપ લીધું. મોહિની પર નજર પડતાં જ ભસ્માસુર સ્થિર થઈ ગયો. 'નારદજીએ કહ્યું હતું એ જ આ છે, ત્રૈલોક્યસુંદરી !' એણે વિચાર્યું. 'આ તો ખરેખર ખૂબ સુંદર છે !' એણે મોહિનીને પૂછ્યું, 'દેવી, તમે અહીં કેમ ફરી રહ્યાં છો ?' મોહિનીએ કહ્યું, 'હું

વરની શોધમાં છું સ્વયંવર કરવા માગું છું !' ભસ્માસુરે પૂછ્યું, 'સ્વયંવર માટે તમે શો માપદંડ નિર્ધારિત કર્યો છે ?' મોહિનીએ કહ્યું, 'મારી જેમ નૃત્ય કરીને જે મને પરાજિત કરે એને જ હું પસંદ કરીશ અને એને જ વરીશ !' મોહિની સાથે નૃત્ય કરતાં કરતાં એ કડાનો પ્રભાવ ભૂલી ગયો. મોહિનીએ પોતાનો હાથ ઉપર ફેરવ્યો. ભસ્માસુરે પણ પોતાનો હાથ ઉપર ફેરવ્યો અને એ બળીને ખાખ થઈ ગયો. આવા મહાપુરુષ હતા ભગવાન શંકર ! ભક્તે જે કંઈ પણ વરદાનમાં માગ્યું તે આપી દીધું. પરિણામ ભલે એમના જીવનમાં જ કંઈ સંકટ કે આપદા લાવે !

આ જ ઋષિપરંપરાનો નિર્વાહ રામે પણ જાળવ્યો. વનવાસના પ્રથમ ચરણમાં જ એમને કેવટનો ભેટો થયો. સમાજના લોકોએ નાવિકને અધમ કોટિનો માન્યો હતો. પરંતુ રામ તો એને પ્રેમથી ભેટ્યા. ભરતની સમાંતર એને સ્થાપ્યો. રામ આગળ વધ્યાં તો એમને કોળી, ભીલ, વાનર, રીંછ 'गीध अधम खग आमिष भोगी । गति दीन्ही जेहि जावत जोगी !' અસુર, આદિવાસી, જનમતિ વગેરે સમાજના લોકોને અપનાવ્યા ! એમની સાથે ભોજન લીધું. સમાન કક્ષે એમની જેમ રહનસહન કર્યું. સીતાની શોધમાં રામ શબરીના આશ્રમમાં પહોંચ્યા. શબરીએ પોતાનો પરિચય આપ્યો અને કહ્યું, 'अधम ते अधम अधम अति नारी । तिन्ह महँ मैं मतिमन्द अधारी !' 'એક તો હું અધમ કોળી-રીંછની જાતિની વળી મંદબુદ્ધિની સ્ત્રી...' 'कह रघुपति सुनु भामिनी बाता । मानऊँ एक भगति कर नाता...!' ભગવાને કહ્યું, 'શબરી, તું ક્યા જન્મી છે... પૂર્વજ શું કરતા હતા... મને એની સાથે કોઈ નિસ્બત નથી. હું તો માત્ર ભક્તિનો સંબંધ જાણું છું. ભક્તિના નવ પ્રકાર છે : 'प्रथम भगति सन्तन्ह कर संगा । दूसरि रति मम कथा प्रसंगा !' આમ નવધા ભક્તિના પ્રકાર સમજાવી કહ્યું, 'આ નવ ભક્તિમાંથી જેની પાસે એક પણ છે એ પછી ભલે નારી હોય કે પછી પુરુષ હોય, ચરાચરમાં કોઈ પણ હોય મને એ પ્રાણસમાન પ્રિય છે, सकल प्रकार भगति दृढ तोरे, પ્રત્યેક વિધિ પ્રમાણે તારી ભક્તિ સુદૃઢ છે !' શબરી આહ્‌લાદિત થઈ ગઈ. એક છાબડીમાં બોર લઈ આવી. ભગવાને એનો સ્વીકાર કર્યો અને કહ્યું, 'શબરી, તને મારું ધામ પ્રાપ્ત થશે અને મારા સ્વરૂપને પણ પ્રાપ્ત થઈશ !' એમ કહેવાય છે કે શબરીએ એઠાં બોર રામ પ્રભુને ખવડાવ્યાં. પરંતુ જેણે સ્વરૂપની સ્થિતિ પ્રાપ્ત કરી લીધી છે એના અને ભગવાનના મુખમાં કોઈ તફાવત હોતા નથી. ત્યાં એઠું શું અને સ્વચ્છ શું એનો ભેદ રહેતો નથી. શબરીના અન્ય ગુરુભાઈઓ જેઓને શબરી પ્રત્યે ઈર્ષ્યા હતી તે તો આભા બની જોતા જ રહ્યા. એકદમ નમ્ર બની શબરીને પ્રણિપાત કર્યા. એમની સમક્ષ જ શબરી ભવસાગર પાર ઊતરી ગઈ. ભગવાન માત્ર શ્રદ્ધાના ભૂખ્યા છે. આ મહાપુરુષો કેવળ ભક્તિનો જ સંબંધ જાણે છે, નિભાવે છે.

ભક્તશિરોમણિ હનુમાનજી ક્યાં કુલીન હતા ! 'कहड कवन मैं परम कुलीना । कपि चंचल सबही विधि हीना !' હનુમાન વાનર જાતિના હતા. હૈહય, ઋક્ષ, વાનર, મંડૂક ઇત્યાદિ એક સમયે પ્રચલિત જાતિઓ હતી. 'अस मै अधम

सखा सुनु, मोहूँ पर रघुवीर । कीन्ही कृपा सुमिरि गुन, भरे विलोचन नीर !' 'હે વિભીષણ, હું એટલો અધમ છું કે સવાર સવારમાં કોઈ મારું નામ લે તો એને એ દિવસે ભોજન પણ ન મળે ! અને છતાં મારા જેવા અધમ પર પણ પ્રભુએ કૃપા કરી છે. આપ તો રાજકુળના છો. આપ પણ પ્રભુની શરણમાં આવી જાવ !' આમ હનુમાનજીએ વિભીષણને પણ પ્રભુની શરણાગતિમાં આવવા માટે પ્રેરણા આપી ! હનુમાનજી કુંવારી કન્યાના પુત્ર હતા. મોટા થયા એટલે, 'શંકર સુવન, કેશરી નંદન, પવન તનય' એવાં નામો એમને અપાયાં ! માનવ-તન દુર્લભ તન છે. એ અધમ નથી. પછી ભલે એ કબીરની જેમ ગંગાના કિનારે પડેલું શરીર હોય ! ગીતા અનુસાર અધમ તો એ છે જે ધર્મના નામ પર પોતાના મનને ફાવે તેવી ક્રિયાઓ કરે છે. આના સિવાય આ સૃષ્ટિમાં કોઈ અધમ છે જ નહિ !

મહાપુરુષ કોઈનો અંગૂઠો નથી માગતા. આવશ્યકતા ઊભી થાય તો ભક્તના પ્રાણની રક્ષા કરવા એ પોતાના પ્રાણની પણ પરવાહ કરતા નથી. રાવણે વિભીષણ પર મરણાંતક શક્તિનો ઉપયોગ કર્યો ત્યારે, 'तुरन्त विभीषण पाछे मेला । सन्मुख राम सहेउ सोई सेला !' રામે વિભીષણને પાછળ હટાવી દીધો અને સ્વયં એ શક્તિનો પ્રહાર ઝીલી લીધો. આ ધર્મગુરુઓ પ્રાણ નથી માગતા. આ સદ્‌ગુરુઓ અંગૂઠો નથી માગતા. 'સત્ય વસ્તુ છે આત્મા મિથ્યા જગત પ્રસાર' 'व्यापक एक ब्रह्म अविनाशी । सत चेतन धन आनन्द राशी !' પરમાત્મા જ સત્ય છે. જે પ્રભુનાં રહસ્ય જાણે છે, સમજે છે અને એનો પ્રચાર તથા પ્રસાર કરે છે તે જ સદ્‌ગુરુ છે ! ભક્તને આવશ્યકતા ઊભી થાય તો સદ્‌ગુરુ પોતાના પ્રાણ પણ ન્યોછાવર કરી દે છે. ભક્તનો બોજો પોતાને શિરે ઊચકી લે છે અને જ્યારે એ ભક્તને અપનાવી લે છે ત્યારે પોતાનું ભાગવત્‌પણું ભક્તને સોંપી દે છે.

'दुर्योधन घर मेवा त्यागे साग विदुर घर खाये ।' ભગવાનને મેવા ધરવાથી એમની પ્રસન્નતા ન મેળવી શકાય. ભગવાનને પ્રસન્ન કરવા માટે જોઈએ શ્રદ્ધા અને ભાવ ! વિદુરાણીએ કૃષ્ણને જોયા અને ગાંડી-ઘેલી થઈ ગઈ. એ ગાંડપણમાં-ઘેલછામાં કેળાં છોલીને ગર્ભ નીચે નાખી દીધો અને છાલ કૃષ્ણને ખાવા આપી. વિદુરનું ધ્યાન ગયું તો એણે વિદુરાણીને ટોકી. વિદુરાણીને ભૂલ સમજાઈ અને કેળાનો ગર્ભ કૃષ્ણને ધર્યો. ભગવાને કહ્યું, 'કાકાજી, આ છાલમાં જે સ્વાદ હતો તેનો સ્વાદ શબરીનાં બોરમાં હતો, યશોદામાના માખણમાં હતો ! આ ગર્ભમાં તો એવો સ્વાદ નથી જ નથી !' ભગવાનની ભક્તિ માટે કોઈ ટીપટાપની જરૂરત હોતી નથી. ગીતામાં જ પ્રભુએ કહ્યું છે, 'पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।' પત્ર-પુષ્પ-જળ-ફળ જે કંઈ પણ મને શ્રદ્ધાથી ધરવામાં આવે તે હું ગ્રહણ કરું છું - એ ધરનારનું હું પરમ કલ્યાણ કરું છું !' પ્રભુ માટે મેવા, મિષ્ટાન્નની વસ્તુઓ પ્રદર્શનની વસ્તુઓ બની જાય છે. એમને તો જોઈએ છે. શ્રદ્ધા ! ગીતામાં કહ્યું જ છે, 'श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।'

દુર્યોધનની સેવામાં એક હજામ હતો. નામ એનું નંદા. આધુનિક બ્યુટીપાર્લરો જેમ યુવરાજ દુર્યોધનને સજાવીધજાવી રાજસભામાં લઈ આવવાનું તેનું કામ હતું. એક દિવસ સવારના પહોરમાં એ યુવરાજની સેવા અર્થે જઈ રહ્યો હતો. માર્ગમાં એને પાંચ-સાત સંતનાં દર્શન થઈ ગયાં. એમનાં દર્શન થતાં જ નંદા એમની સેવામાં લાગી પડ્યો. એને એની ફરજનું ભાન ન રહ્યું. સંતોને નવડાવ્યા, એમનાં કપડાં ધોયાં, એમને ભોજન કરાવ્યું અને આ બધું કરતાં ત્રણ વાગી ગયા. જ્યારે સંતોએ વિદાય લીધી ત્યારે તેને એની ફરજનું ભાન થયું. એ વિચારવા લાગ્યો, 'દુર્યોધન તો ઘણો દુષ્ટ છે. મૃત્યુદંડ સિવાય એ બીજો કોઈ દંડ કરશે જ નહિ ! આજે મૃત્યુ નિશ્ચિત છે ! ચાલો, જે થાય છે તે સારું જ થાય છે ! અધમ શરીર ક્યારેક તો નાશ પામવાનું જ છે. 'આ શરીરે સંતોની સેવા કરી, પ્રભુની સેવા કરી, એ જ ઘણું ઉત્તમ થયું !'

આવા વિચારોમાં મગ્ન નંદા રાજભવન સુધી આવી ગયો. પ્રવેશદ્વાર પર જ દુર્યોધનનો મેળાપ થઈ ગયો. નંદાને જોતાં જ દુર્યોધન બોલ્યો, 'અરે નંદા, કેમ પાછો આવ્યો ? હમણાં તો તું અહીંથી ગયો હતો !' નંદાને થયું દુર્યોધન મારી મજાક કરી રહ્યો છે ! એટલી વારમાં થોડાક મંત્રીઓ બહાર આવ્યા. 'નંદા, શું તું કંઈ ભૂલી ગયો છે. આજે તો તારા ચહેરા પર જે સુંદરતા હતી, મોહિનીપણું હતું તે તો અમે કોઈ દિવસ ભૂલી શકીશું નહિ !' દુર્યોધને પણ આ વાતને સમર્થન આપ્યું. 'નંદા, આજના જેવો તારા હાથનો સ્પર્શ અને એની મૃદુતા, કોમળતા હું જિંદગીભર ભૂલી નહિ શકું ! આજે તો તારા હાથમાં જાદુ હતું. આજે જે તે મારી સેવા કરી છે એના બદલામાં તું કંઈ પણ માગી લે !'

હવે નંદાને આખી વાત સમજાઈ ગઈ. 'ઓહ, મારા ક્ષુદ્ર પ્રાણની રક્ષા કરવા ખાતર પ્રભુએ મારું રૂપ લીધું અને આ અધમ પુરુષના પગ દબાવ્યા !' એ વિહ્વળ થઈ ગયો. એણે દુર્યોધનને કહ્યું, 'મહારાજ યુવરાજ, કંઈ પણ આપવું જ હોય તો હું જે માંગુ તે આપશો ?' દુર્યોધને કહ્યું, 'તું શંકા સેવીશ મા ! મેં કર્ણને રાજા બનાવી દીધો, તને પણ રાજા બનાવી દઉં ?' નંદાએ, નમ્રતાપૂર્વક કહ્યું, 'યુવરાજ, મારા પર અનુકંપા કરો, મારું રાજીનામું સ્વીકારી લો ! હું હવે માત્ર ઈશ્વરની જ સેવા કરવા માગું છું !'

'आप बने हरि नाई नन्दा !' નંદાએ ક્યારેય પ્રભુને પોકાર નહોતો કર્યો. 'ભગવન્, મારા પ્રાણની રક્ષા કરો ! હું સંકટમાં છું !' એવી પ્રાર્થના પણ નહોતી કરી. ક્યારે કંઈ માગણી નહોતી મૂકી ! આમ છતાંય ભગવાન તો જાણી જ જાય છે, કયો ભક્ત કેવી મુશ્કેલીમાં છે ! એમને સમજાવવાની કોઈ આવશ્યકતા છે, ખરી ? જે મૂર્ખ હોય, અજ્ઞાની હોય તેને સમજાવવો પડે ! આ તો સર્વજ્ઞ છે ! 'લાજ બચાવો !' દ્રૌપદીએ ચિત્કાર કર્યો ! 'આપ જેવા સારથિ છે', 'અર્જુન વિહ્વળ થઈ ગયો,' અને જયદ્રથના પ્રાણ હરવાની પ્રતિજ્ઞા સિદ્ધ ન થઈ ! આ વાત તો હવે નિશ્ચિત થઈ ગઈ કે ભાગ્ય જ બળવાન છે, એની સામે ભગવાન ન ટકી શકે !'

નંદાની પરિસ્થિતિ અર્જુન અને દ્રૌપદીથી સહેજ પણ જુદી નહોતી પણ એણે ન તો ચિત્કાર કર્યો હતો કે ન તો એ વિહ્વળ થઈ ગયો હતો. 'चीटी के पग नूपुर बाजे वह भी साहिब सुनता है ।' તમે સંકલ્પ પછી કરો છો, ભગવાન તો એ પહેલેથી જ જાણી જાય છે ! એટલે જ આવા મહાપુરુષો પોતાના અનુરાગી કોઈ પણ શિષ્યનો પ્રાણ નથી લેતા, અંગૂઠો નથી માગી લેતા, એની મર્યાદાનો લોપ નથી કરાવતા. આથી ઊલટું જ્યારે પણ ભક્ત પર વિપદા આવે છે તો એ આપદા સ્વયં સ્વીકારી લે છે. એ તો ત્યાં સુધી પણ કોઈ વાંધો નથી ઉઠાવતા વેચાઈ જવા કોઈ માટે પણ, એમનો ભક્ત 'बेचे तो बिक जाऊँ ।' એક વખત જો ભક્ત એમને વેચી પણ દે તો ભગવાન વેચાવા માટે પણ તત્પર થઈ જાય !

આથી આવા પ્રભુ માટે પૂર્ણ શ્રદ્ધા અને સમર્પણ સહિત જો કોઈ પણ સાદ કરે તો પરમાત્મા હાજરા-હજૂર થઈ જાય ! બે અઢી અક્ષરના કોઈ પણ નામનો (રામ કે ઓમ્) તમે જપ કરો. ઊઠતાં કે બેસતાં, ચાલતા કે ફરતાં, ઘરકામ કરતાં, વાંચતા કે લખતાં, પ્રત્યેક ઘડી તમે એનું સ્મરણ કરો ! સવારે કે સાંજે, અડધો કલાક કે વીસ મિનિટ નામ-જપ અવશ્ય કરો ! ભગવાન જાણે છે કે જીવ એને સાદ પાડે છે. એની અડચણો દૂર કરવા પ્રાર્થે છે. પ્રભુ અવશ્ય અડચણો દૂર કરશે ! એમને ભક્તનું કલ્યાણ શેમાં છે તેની પણ જાણકારી છે. પ્રભુ એવી પણ વ્યવસ્થા કરશે જેથી ભક્તનું કલ્યાણ થાય !

આપણે તો માત્ર શ્રદ્ધા અને સમર્પણની ભાવના સાથે એનું સ્મરણ કરવું જોઈએ ! ભગવાન એકમાંથી સવા પણ કદી થયા નથી તો બે તો ક્યાંથી થાય ? 'व्यापक ब्रह्म एक अविनाशी । सत चेतन धन आनन्द राशी !' આવું ભગવાન માટે કહેવાયું છે ! અને આ ભગવાનનો વાસ ક્યાં છે ? 'अस प्रभु हृदय अछत अविकारी । सकल जीव जग दीन दुखारी ॥' આ ભગવાન હૃદયમાં વસે છે. એ પ્રાપ્ત કઈ રીતે થાય ? તો 'नाम निरूपण नाम यतन ते । सोई प्रकटत जिमि मोल रतन ते !' પ્રથમ નામ-સ્મરણ કરો અને પછી સમજમાં આવે તો યત્ન કરો, પ્રભુનું પ્રાગટ્ય અવશ્ય થશે જ !

સમાજમાં જે આચાર્યો અર્થાત્ શિક્ષકો છે તેને ધર્મગુરુ-સદ્ગુરુ સાથે જોડવા એ એક ધાર્મિક ભ્રાન્તિ છે ! ધર્મ સદ્ગુરુઓની ઊપજ છે. આ સદ્ગુરુઓ સત્યને વરેલા છે, એમણે સત્યને ધારણ કર્યું છે. એમના અંતરંગમાં સત્ય સમાહિત થયેલું છે. એ બધાના જ છે. એ કોઈની પાસેથી અંગૂઠો નથી લઈ લેતા. ઊલટાનું આવશ્યકતા ઊભી થાય તો ખુદનો પ્રાણ પણ ન્યોછાવર કરી દે છે. તમારું ધર્મશાસ્ત્ર છે ગીતા અને એનું ભાષ્ય છે - યથાર્થ ગીતા ! યથાર્થ ગીતાનું અધ્યયન કરો !

**॥ બોલો, સદ્ગુરુ ભગવાનની જય ॥**

॥ ૐ ॥


# શાસ્ત્ર

પહેલાં બધાં શાસ્ત્રો મૌખિક હતાં. ગુરુ-શિષ્યપરંપરામાં કંઠસ્થ થતાં હતાં. એ પુસ્તકરૂપે નહોતાં. આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે વેદવ્યાસે એને લિપિબદ્ધ કર્યાં. ચાર વેદ, મહાભારત, ભાગવત્, ગીતા ઈત્યાદિ મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું એમણે સંકલન કર્યું. ભૌતિક તથા આધ્યાત્મિક જ્ઞાનને તેઓ પ્રકાશમાં લાવ્યા અને છતાં તેમણે એને શાસ્ત્રો ન કહ્યાં. એમણે વેદને શાસ્ત્રની સંજ્ઞા આપી નહિ, પરંતુ ગીતાની પ્રશંસા કરતાં કહ્યું, **'गीता सुगीता कर्तव्या किभन्यै शास्त्र संग्रहै । या स्वयं पद्मनाभस्य मुख पद्माब्ज बिनिःसृता ।।'** ગીતાનું સારી રીતે ચિંતન કરી હૃદયમાં ઉતારો ! આ પ્રભુ પદ્મનાભના શ્રીમુખેથી નિઃસૃત થયેલી વાક્ધારા છે ! હવે અન્ય શાસ્ત્રોના વિષય વિષે વિચાર કરવાનો કે એનો સંગ્રહ કરવાનો અવકાશ જ ક્યાં છે ? વિશ્વમાં અન્ય સ્થળેથી જે કંઈ પણ પ્રાપ્ત થાય છે તેનો સંકેત ગીતામાં છે જ છે. 'એક ઈશ્વરના સંતાન'નો વિચાર પણ ગીતાની જ દેણ છે ! આને સારી રીતે સમજવા માટે **'યથાર્થ ગીતા'** નો અભ્યાસ કરો !


અર્થાર્થી આર્ત, જિજ્ઞાસુ તથા મુમુક્ષુ લોકો અર્થ-ધર્મ-સ્વર્ગીય સુખ તથા પરમશ્રેયની પ્રાપ્તિ કાજે **'યથાર્થ ગીતા'** નો જ અભ્યાસ કરે !

**નિવેદન : ભક્તમંડળ,**
**શ્રી પરમહંસ આશ્રમ,**
શક્તેષગઢ, ચુનાર, મિર્ઝાપુર (ઉ.પ્ર.)


# અમારાં પ્રકાશનો





**યથાર્થ ગીતા-**
યથાર્થ ગીતામાં શ્રીકૃષ્ણની વાણીનાં હેતુને સારી રીતે યથાવત્ (જેમનો તેમ) સમજાવ્યો છે. આ એક કાળ વિજયી કૃતિ છે.
૨૮ ભાષાઓમાં ઉપલબ્ધ





**અંગ શા માટે ફરકે છે? શું કહે છે?-**
માનવ શરીરના વિભિન્ન ભાગોમાં થતા ફડકનનું કારણ અને તેનાં સંકેતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે જે સાધના-આરાધનામાં ઘણું જ સહાયક છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ





**જીવનાદર્શ અને આત્માનુભૂતિ-**
પૂજ્ય ગુરુ પરમહંસ સ્વામી શ્રીપરમાનંદજી મહારાજનો જીવનવૃત્તાંત, તેઓની અનુભૂતિઓ અને ઉપદેશોનું સંકલન કર્યું છે. સાધકો માટે આ ખૂબ જ ઉપયોગી ગ્રંથ છે.
૪ ભાષાઓમાં ઉપલબ્ધ




**વણસ્પર્શ્યા પ્રશ્નો-**
વર્ણ, મૂર્તિપૂજા, ધ્યાન, હઠ, ચક્ર-ભેદન અને યોગ જેવા વિષયોને સ્પષ્ટ કરી ભ્રમિત સમાજનું માગદર્શન કરવામાં આવ્યું છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ





**શંકા-સમાધાન-**
સમાજમાં પ્રચલિત બધી જ કુરીતિઓ, રૂઢિઓ, આડંબર અને અંધવિશ્વાસોનું શમન અને સમાધાન કરવામાં આવ્યું છે.
૫ ભાષાઓમાં ઉપલબ્ધ



**એકલવ્યનો અંગૂઠો**
શિક્ષા-ગુરુ અને સદ્‌ગુરુનો તફાવત બતાવવામાં આવ્યો છે. શિક્ષક, લોકજીવનની કળા શીખવે છે જ્યારે સદ્‌ગુરુ જીવનમાં સમૃદ્ધિની સાથે પરમ શ્રેયની જાગૃતિ અને તે પરમ પદની પ્રાપ્તિ કરાવે છે જેથી પુરુષ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થઈ જાય.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ




**સાધના કરવી તો કોની?-**
લોકો ગાય, પીપળો, દેવી-દેવતાઓ, ભૂત-ભવાનીની પૂજા, ધર્મના નામે આ બધું કરે છે. પ્રસ્તુત પુસ્તકમાં આ બધા ભ્રમોનું નિવારણ કરીને સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે સનાતન ધર્મ શું છે? ઈષ્ટ (ઈશ્વર) કોણ છે? સાધના (ભજન) કોનું કરવું તથા કેમ કરવું?
૬ ભાષાઓમાં ઉપલબ્ધ





**ષોડશોપચાર પૂજન પદ્ધતિ-**
આ પુસ્તકમાં એ બતાવવામાં આવ્યું છે કે એક પરમાત્મામાં શ્રદ્ધા સ્થિર કરાવીને, તે એક જ પરમાત્માનું ચિંતન શીખવતું કર્મકાંડ છે.
૩ ભાષાઓમાં ઉપલબ્ધ

# અમારાં પ્રકાશનો




**યોગશાસ્ત્રીય પ્રાણાયામ-**
યોગશાસ્ત્રીય પ્રાણાયામમાં આપશ્રીએ બતાવ્યું છે કે યમ, નિયમ અને આસન સધાતાં જ શ્વાસ-પ્રશ્વાસનું શાંત પ્રવાહિત થવું જ પ્રાણાયામ છે. અલગથી પ્રાણાયામ નામની કોઈ ક્રિયા નથી. આ તો યોગ ચિંતનની એક અવસ્થા છે. આનું સમાધાન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

૩ ભાષાઓમાં ઉપલબ્ધ




**બારમાસી-**
તેઓના પૂજ્ય ગુરુ શ્રી પરમાનંદજી મહારાજને આકાશવાણીથી પ્રાપ્ત ભજન (ઈશ્વરીય ગીત) બારમાસીનું સંકલન તથા તેની વ્યાખ્યા કરી છે. આમાં પ્રવેશથી લઈને પરાકાષ્ઠા સુધી લક્ષ તરફ આગળ વધવાનું પથ પ્રદર્શન (માર્ગદર્શન) કરવામાં આવ્યું છે.

હિન્દી ભાષામાં ઉપલબ્ધ





**યોગદર્શન-**
**પ્રત્યક્ષાભૂત વ્યાખ્યા-**
મહર્ષિ પતંજલિકૃત આ પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે કે 'યોગ' પ્રત્યક્ષ દર્શન છે. તે લખવામાં અથવા કહેવામાં નથી આવતો. ક્રિયાત્મક પથ પર ચાલીને જ સાધન સમજી શકે છે કે જે કંઈ મહર્ષિએ લખ્યું છે તેનો વાસ્તવિક આશય શું છે? સાધન ઉપયોગી પુસ્તક છે.

૩ ભાષાઓમાં ઉપલબ્ધ




**ગ્લોરિઝ ઑફ યોગ-**
હઠ, ચક્ર-ભેદન, યોગ, પ્રાણાયામ અને ધ્યાનની બબતમાં સંપૂર્ણ પરિચય

અંગ્રેજી ભાષામાં ઉપલબ્ધ



**પ્રશ્ન સમાજના-**
**ઉત્તર ગીતાના-**
આ પુસ્તકમાં સામાજિક, આધ્યાત્મિક અને ધાર્મિક કોઈ પણ પ્રશ્ન હોય, તેનું ગીતા અનુસાર સમાધાન કરવામાં આવેલ છે.

હિન્દી ભાષામાં ઉપલબ્ધ



**અહિંસાનું સ્વરૂપ-**
અહિંસા એક ગૂંચવાયેલો પ્રશ્ન છે. મૂળભૂત રીતે તે યૌગિક, આંતરિક સાધનાનો શબ્દ છે. આ પુસ્તકમાં આપણે જાણીશું કે આપણા પૂર્વજ મહાપુરુષોએ અહિંસાને કયા સંદર્ભમાં લીધી છે.

૫ ભાષાઓમાં ઉપલબ્ધ

MP3 ઓડિયો સીડીજ



૬ ભાષાઓમાં ઉપલબ્ધ

*શ્રી સ્વામીજીના મુખારવિંદથી નિઃસૃત
અમૃતવાણીઓનુ સંકલન વોલ્યુમ ૧થી ૬૦ સુધી




હિન્દી ભાષામાં

**શ્રી પરમહંસ સ્વામી અડગડાનંદજી આશ્રમ ટ્રસ્ટ**

ન્યુ એપોલો અસ્ટેટ, ગાલા નં ૫, મોગરા લેન,(રેલવે સબવે ને પાસે), અંધેરી (પૂર્વ),
મુંબઈ ૪૦૦ ૦૬૯, ભારત. ફોન: (૯૧ ૨૨ ) ૨૮૨૫ ૫૩૦૦
ઈ મેલ: contact@yatharthgeeta.com વેબસાઈટ: www.yatharthgeeta.com